# મૂર્તિ
સર્વ સાધનનું ફળ

માર્ચ - ૨૦૨૫,
વર્ષ : ૨૨ અંક : ૦૩
વાર્ષિક : ₹૫૦/-







શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ એવમ્ મૂ.નિ. શ્રી નારાયણભાઈ કરશનભાઈ માલવણીયા ચતુર્દશિ નિમિતે સત્સંગ સભા, ધોળી, તા. ૨-૨-૨૦૨૫



શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ ઉપલક્ષ્યે સત્સંગ બ્રહ્મયજ્ઞ, સુરેન્દ્રનગર, તા. ૩-૩-૨૦૨૫






શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ એવમ્ મૂ.નિ. શ્રી નારાયણભાઈ કરશનભાઈ માલવણીયા ચતુર્દશિ નિમિતે સત્સંગ સભા, ધોળી, તા. ૨-૨-૨૦૨૫






શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ ઉપલક્ષ્યે સત્સંગ બ્રહ્મયજ્ઞ, સુરેન્દ્રનગર, તા. ૩-૩-૨૦૨૫

RNI No.: GUJGUJ/2004/52455

માર્ચ : ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૦૩



# મૂર્તિ




**દિવ્ય પ્રેરણા**

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



**તંત્રી**

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

**પ્રકાશક**

**શ્રી અબજીબાપાની છતેડી અને**
**હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

**લવાજમ**

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

**પ્રકાશન તારીખ**

દર માસની ૧૧ તારીખે

**પ્રિન્ટીંગ**

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com





| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| આધ્યાત્મિક જ્ઞાન | ૧૦ |
| અવગુણ-દ્રોહ ના કરવો | ૧૨ |
| સદ્ શ્રી નિત્યમુક્તદાસજી સ્વામી | ૧૪ |
| ભુજના કાયસ્થ લાધીબાઈ | ૧૫ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૬ |
| સત્સંગ બ્રહ્મયજ્ઞ | ૧૮ |
| કેળવણી | ૨૨ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

**સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ**

ગતાંકથી ચાલુ...

## સિરપુરના સિદ્ધવલ્લભ રાજાને ત્યાં પધારી ત્યાંથી કામાક્ષીમાં પિબકનો પરાજય કરી નવલખા પર્વત, ગંગાસાગર થઈ જગન્નાથપુરી પધારી અસુરોને પરસ્પર લડાવી નાશ કર્યા.

- સિરપુરનો રાજા સિદ્ધવલ્લભ ધર્મિષ્ઠ અને બુદ્ધિશાળી હતો. તીર્થવાસીઓને અન્નદાન આપતો. શ્રીહરિ ત્યાં પધાર્યા. રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી રોક્યા. શ્રીહરિની સેવામાં ગોપાલદાસ નામનો નૈષ્ઠિકવ્રતવાળો એક સાધુને રાજાએ સેવામાં રાખ્યો. તે ગુરુબુદ્ધિથી શ્રીહરિની સેવા કરતો. બીજા પાખંડી ભેખધારીઓ પણ રાજાના રાખ્યા રહેતા હતા. એક વખત મૂશળધાર વરસાદ થયો અને ઠંડી પણ ખૂબ પડી. સર્વે પાખંડી ભેખધારીઓનો પાખંડ છતો થઈ ગયો. તેથી તેનો મુખી અડદના દાણા મંત્રીને શ્રીહરિ અને ગોપાળદાસને મારી નાખવા તેમના પર નાખ્યા પણ શ્રીહરિ પ્રતાપે તે ભેખધારી જ બેહાલ થઈ પૃથ્વી પર પડ્યો. ભેખધારીઓએ તેમને બચાવવા ઘણા ઉપાય કર્યા પણ નિષ્ફળ ગયા. અંતે શ્રીહરિના ચરણોમાં સર્વે આવ્યા અને ક્ષમા માગી શરણાગતી સ્વીકારી. શ્રીહરિએ કૃષ્ણંમંત્રનો ઉચ્ચાર કરી જીવતો કર્યો. આ સાંભળી તેલંગ (તેલંગાણા) દેશનો બ્રાહ્મણ શ્રીહરિ પાસે આવી પોતે રાજા પાસે હસ્તિનું દાન લીધેલ જેને લઈ પોતે ગૌરવર્ણ મટી શ્યામવર્ણો થઈ ગયેલ તે પાપ થકી છૂટવા પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને પણ કાનમાં કૃષ્ણમંત્ર આપી પાપથી મુક્ત કર્યો અને ગૌરવર્ણનો કર્યો. સિદ્ધવલ્લભ રાજાને શ્રીહરિએ દિવ્યરૂપે દર્શન આપ્યું. રાજાએ આખા શહેરમાં હાથી ઉપર શ્રીહરિની સવારી કાઢી. સર્વે પુરવાસીઓએ શ્રીહરિના દર્શન કર્યા. એવી શોભાયુક્ત શ્રીહરિ ચાલ્યા તે આગળ ઝાડી આવી ત્યારે શ્રીહરિએ રાજા અને સવારીને બળાત્કારે પાછા વાળી શ્રીહરિ ગોપાળદાસ અને બીજા સિદ્ધો સાથે કામાક્ષીના માર્ગે આગળ ચાલ્યા.
- કામાક્ષી(અસમ રાજ્ય) મલીન મંત્ર-જંત્ર, મુઠ-ચોટ જેવી મલીન વિદ્યા માટે પ્રસિદ્ધ છે. કામાક્ષી દેવીના તીર્થમાં ફુલવાડીમાં શ્રીહરિ સિદ્ધો સાથે ઉતર્યા. ત્યાં બીજા સિદ્ધો પણ ઉતર્યા હતા. આ વાતની પીબેક નામનો મલીન દેવીનો ઉપાસક બધા સિદ્ધોને પોતાના શિષ્ય બનાવવા આવે તે પહેલા પોતાના બ્રાહ્મણ શિષ્યને પોતાનો પ્રતાપ કહેવા મોકલ્યો. પણ શ્રીહરિએ બધા સિદ્ધોને નિર્ભય રહેવા કહ્યું. આ વાત બ્રાહ્મણે પિબેકને કહી. પિબેક ક્રોધીત થઈ મદ્ય-માંસનું ભક્ષણ કરી, માછલાનો મુખવાસ કરી, છૂટા કેશ અને ભયંકર વેશ ધરી આવ્યો અને શ્રીહરિને સંબોધી સર્વેને કહે તમારી માળા, ઉપવીત નો ત્યાગ કરી સહુ મારા શરણે આવો નહિ તો હમણાં અનંત ભૂત-પ્રેત, ભૈરવ બોલાવું છું, જે તમને ખાઈ જશે. આ સાંભળી બીજા સિદ્ધો ભયભીત થઈ માળા, ઉપવીત, કંઠી કાઢવા લાગ્યા પણ શ્રીહરિએ તેમને કહ્યું ધીરજ રાખો પહેલા મને પરાજીત કરે. આ સાંભળી પિબેક ક્રોધે ભરાયો અને બાજુના વડ પર મૂઠ મારી કે તરત જ તે વડ સૂકાઈ ગયો. પછી શ્રીહરિ પર મૂઠ મારી, ભૈરવવીર, બટુકભૈરવ, જેવા મલીન વિર ઉત્પન્ન કરી શ્રીહરિને મારવા મોકલ્યા પણ તે તો સામેથી પિબેકને માર મારી અધમૂવો કરી દીધો. તેથી પિબેકના સંબંધીજનો આવી શ્રીહરિની પ્રાર્થના કરી. પિબેક પણ શ્રીહરિના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સર્વે સિદ્ધોને પણ કર જોડી પ્રાર્થના કરી અને સર્વે સિદ્ધોને મનગમતી રસોઈ જમાડી પરત ઘેર આવ્યો. પણ ફરીથી દુષ્ટ માણસોના કહેવાથી મતિ ફરી ગઈ અને કાળભૈરવને મદ્યમાંસનું યજન કરી તેમને મોકલ્યો. શ્રીહરિની તેમના પર દૃષ્ટિ પડતાંજ થર-થર ધ્રુજવા લાગ્યો. એતો પાછો નાઠો અને પિબેકને જ કહે આજ તો તને મારીને બધો મદ ઉતારી નાખું. શ્રીહરિ અને તેના ભક્તોની આગળ અમે કશા લેખામાં નથી. એમ કહી પિબેકને મારવા તૈયાર થયો. એટલે પિબેક ત્યાંથી નાઠો એન સીધો શ્રીહરિના ચરણમાં જઈ પડ્યો. પોતાના અપરાધની ક્ષમા માગી. શ્રીહરિએ તેમને હિતના વચન કહ્યા, દુરાચાર છોડવાનું કહ્યું. પિબેકે સર્વે સ્વીકાર્યું. દયાળુ શ્રીહરિએ તેના દોષ ન જોતા તેને શરણે લીધો. શુદ્ધ વિપ્રના ધર્મ ધારણ કરાવ્યા. શ્રીકૃષ્ણની ભક્તિ કરવા કહ્યું. પુરવાસીઓ પણ શ્રીહરિના શરણે આવ્યા. સર્વ સિદ્ધોને પોતાની સાથે ન આવવા કહી ધર્મમાં રહેવાનું કહી એકલા ચાલ્યા.



જ્યાં મોટા મુક્ત રહેતા હોય તે નૈમિષારણ્યક્ષેત્ર કહેવાય. ત્યાં ધ્યાન-ધારણા જે જે કરે તે થોડુ કરે તો પણ ખરેખરી શાંતિ થાય

- ચાલતા ચાલતા શ્રીહરિ નવલખા પર્વત(પર્વતમાળા)ના જંગલમાં પ્રવેશ કર્યો. કોઈ મનુષ્ય તે જંગલમાં પ્રવેશ કરે તો પાછો આવે નહિ. એવા હિંસક પ્રાણીઓ અને અઘોરી રહે તેથી રાજાએ મનુષ્ય પ્રવેશ ન કરે તે માટે ચોકીદારો મૂકેલા હતા. પણ શ્રીહરિએ ગાયોના ટોળા વચ્ચે રહી જંગલમાં પ્રવેશ કર્યો. અરૂણોદય થી સંધ્યા સુધી ચાલ્યા તે સંધ્યા સમયે નવલખા પહોંચ્યા. પોષ માસની પૂનમ હતી રાત્રે અનાચક કુંડમાંથી અગ્નિ પ્રગટ્યો અને નાસિકાગ્ર દૃષ્ટિ રાખી કાષ્ટની પેઠે સ્થિર સિદ્ધો જોયા. મૂર્તિમાન પર્વત શ્રીહરિની પાસે આવી પોતાને કૃતાર્થમાની શ્રીહરિને ચરણે પડી પ્રાર્થના કરવા લાગ્યો. બીજા સિદ્ધો પણ મૂર્તિમાન થઈ દર્શન કરવા આવ્યા. ત્યારે શ્રીહરિ કહે તમે દિવસે કોઈ દેખાતા નથી અને રાત્રે દેખાતા આ સિદ્ધો અને ઠેકઠેકાણે અગ્નિ શું છે? ત્યારે ગિરિ કહે જેટલા અહી પર્વત કહેવાય તેમાં હું પૂજનીય છું. અને વેંત વેંતના નવ લાખ ગોળ કુંડ છે તેમાં દિવસે પાણી ચાલે અને રાત્રે અગ્નિ  પ્રગટે તે ભેળા સિદ્ધો પણ પ્રગટ થાય. ત્યારે શ્રીહરિ સિદ્ધોને કહે, ''અધિક ફળના ઉદેશ્ય વિના કોઈ કાંઈ યત્ન કરતું નથી, તે તમે ક્યા ઉદેશ્યથી આ યત્ન કરો છો? ત્યારે સિદ્ધો કહે આ દેહને અમર રાખવા અમે હઠયોગ કરીએ છીએ. ત્યારે શ્રીહરિ કહે, આત્મદર્શી યોગી હોય કે દેહદર્શી ભોગી હોય સત્સંગ વિના અજ્ઞાન ટળે નહિ. સત્સંગ વિના આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય નહિ.'' એમ જ્ઞાન ઉપદેશ આપી પરમાત્માનું ધ્યાન કરાવી નવલાખ યોગીઓનો મોક્ષ કર્યો, પછી તે યોગીઓ દેખાતા બંધ થયા. શ્રીહરિ ઉત્તર દિશામાં આગળ ચાલ્યા. રસ્તામાં ચાલતા રામકોટ સ્ફટીક મણી પેઠે ઝગમગતો દેખાયો તેની વાત લોકો પાસે જાણી આગળ ચાલ્યા અને બાલવા કુંડ પધાર્યા. ત્યાંથી ગંગા-સાગર મિલન થઈ વહાણમાં બેસી ચારે બાજુ સમુદ્રથી ઘેરાયેલું એવું કપિલાશ્રમ પધાર્યા. ત્યાં કપિલદેવ ભગવાનનું મંદિર છે. કપિલમુનિના દર્શન કરી ત્યાં બે માસ રહ્યા. દર્શન કરવા આવતા નર-નારી વર્ણીને જોઈ આનંદ પામ્યા. તેમને ફળ-ફુલ અર્પણ કરતા. વહાણમાં બેસી ખાડી ઉતરી. પછી દક્ષિણ દિશામાં ચાલતા ચાલતા ભુવનેશશ્વર (ઓરીસા) પધાર્યા. ભુવનેશ્વર મહાદેવના દર્શન કર્યા. ત્યાં ત્રણ દિવસ રોકાઈ જનકપુર આવ્યા અને ઈન્દ્રદ્યુમ્ન સરોવર પર રહ્યા. ત્યાંથી ચાલ્યા અને પુરી પધાર્યા. અને જગન્નાથ મંદિરમાં જગન્નાથજીના દર્શન કરી આનંદ પામ્યા.
- જગન્નાથ ભગવાનનું મંદિર ઉંચા શીખરોવાળું પૂર્વમુખે છે. નિત્ય મંડપમાં ગરૂડ સ્તંભની પાસે બેસી ત્રણેય મૂર્તિના દર્શન કરી ધ્યાન કરવા બેસતા. પૂજારી દરરોજ એકવાર જગન્નાથજીના થાળની પ્રસાદી પણ વર્ણીને આપતા. પુરજનોને આનંદ દેતા. દરરોજ સમુદ્ર સ્નાન કરવા જતા. ચંદન સરોવર ઉપર યોગક્રિયા કરતા અને અયાચક વ્રત રાખતા. મંદિરમાં ભાગવત વંચાતુ તે નિત્ય સાંભળતા. વર્ણીની અલૌકિક રીત જોઈ લોકો તેમની પાસે આવતા અને તેમના ઘાટ સંકલ્પ બંધ થઈ જતા. રાજા પાસે આ વાત પહોંચી એટલે રાજા પણ શ્રીહરિની પાસે આવી દંડવત્ કર્યા. આ મંદિર પોતાનું જાણી અહીં જ રહેવા વિનંતી કરી. પણ વર્ણી કહે અમે તો ચાર ધામમાં ફરવાનો નિયમ લીધો છે. ત્યારે રાજાએ ઘણા વિનય વચનોથી શ્રીહરિની પ્રાર્થના કરી. શ્રીહરિ પણ તેમના પર પ્રસન્ન થઈ જગન્નાથરૂપે દર્શન આપ્યા. તેથી રાજા તો શ્રીહરિના ચરણોમાં પડ્યો અને બોલ્યો મંદિરમાં જે સ્વરૂપ છે ને તમો એકજ છો. ત્યારે શ્રીહરિ કહે આ વાત અંતરમાં રાખશો કોઈને કહેશો નહિ. શ્રીહરિના પ્રતાપે અંતરમાં પ્રકાશ થયો તેથી પાખંડી ગુરુ-બાવાઓનો અભાવ આવ્યો અને તેમને એક વખત સદાવ્રત આપી દરેકને રજા આપી દીધી. આવા હજારો હજાર વૈરાગીઓ ઈન્દ્રદ્યુમ્ન સરોવર પર જઈને રહ્યા. બીજે દિવસે રથયાત્રાનો ઉત્સવ હતો. કૃષ્ણ, બળદેવ અને સુભદ્રાજી એ ત્રણેય મૂર્તિઓને રથ ઉપર પધરાવી. શ્રીહરિ માટે પણ એક સુંદર રથ બનાવ્યો. આ રથ રાજા તથા રાજાના લશ્કરે ખેંચી જનકપુર લઈ ગયા. ત્રણ દિવસ જનકપુર રહ્યા.
- એક દિવસ એક ગરીબ અને ધર્મનિષ્ઠ અભ્યાગત સંતે વૈરાગીના રૂપે રહેલા અસુરોના ત્રાસથી છૂટવા શ્રીહરિને ગુરૂના રાજા જાણી વિનંતી કરી કહ્યું કે, ''હું ગરીબ અભ્યાગત છું, વ્યસન તજીને ભગવાનની ભક્તિ કરું છું. આ વૈરાગીઓ મારા જેવા સાધુસંતને નિત્ય પજવે છે. આ વૈરાગીઓ ભૂત-પ્રેતના ઉપાસકો છે તે મૂર્તિમાન કળીયુગ જેવા પાપી છે.'' શ્રીહરિએ તેમને કહ્યું, ''તમો ભગવાનને સંભારો અને ધીરજ રાખો ભગવાન ધર્મપ્રિય છે. તે તમારી રક્ષા કરશે. તમારે સંતના ધર્મમાં રહેવું.'' એમ કહીને શ્રીહરિએ તેમને ધીરજ આપી. ત્યારબાદ શ્રીહરિ પણ ઈન્દ્રદ્યુમ્ન સરોવર પર જઈ તપ કરવા લાગ્યા. લોકો શ્રીહરિને વધુને વધુ માનવા અને પૂજવા લાગ્યા તેથી વૈરાગીઓ શ્રીહરિને વચનબાણો મારવા લાગ્યા. શ્રીહરિએ શાંતિ રાખી સહન કર્યું. આ પાપે એક ક્ષુદ્ર વાત નિમિત્તે (ભાજી તોડવા નિમિત્તે) હજારો વૈરાગીઓ અંદરો-અંદર લડી મર્યા. શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા.

**ક્રમશઃ**



મોટા અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ પ્રવર્તાવે છે. અનેક મનવારો ભરી અક્ષરધામમાં મોકલાવે છે. એવા મોટા મુક્તનો જોગ કરીયે તો નિઃસંશય થવાય.

# સહજ અમૃત



★ જે ગૃહસ્થાશ્રમી છે તેને ધન, દોલત, હાથી, ઘોડા, ગાય, ભેંસ, મેડી, હવેલી, સ્ત્રી, છોકરાં, ભારે ભારે વસ્ત્ર આભૂષણ એ સર્વે પદાર્થ શોભારૂપ છે. અને એ જ જે સર્વે પદાર્થ તે ત્યાગીને દોષરૂપ છે. અને જે ત્યાગી છે તેને વનમાં રહેવું, વસ્ત્ર વિના ઉઘાડું કૌપિનભર રહેવું. માથામાં ટોપી ઘાલવી, ડાઢી-મૂછ મુંડાવી નખાવવી, ભગવા વસ્ત્ર રાખવા. અને કોઈ ગાળ્યું દે, ને કોઈ ધૂળ નાખે, તે અપમાનને સહન કરવું એ જ ત્યાગીને શોભારૂપ છે પરંતુ તે ગૃહસ્થને દોષરૂપ છે. માટે આ સંસારમાંથી નીસર્યો અને ત્યાગી થયો તેને તો એમ વિચારવું જે હું કિયા આશ્રમમાં રહ્યો છું? એમ બુદ્ધિમાન હોય તેને વિચાર કરવો પણ મૂર્ખની પેઠે વિચાર્યા વિના કોઈ ચાળે ચઢી જવું નહિ. અને કોઈ શ્રદ્ધાએ સહિત ભક્તિ કરતો હોય તે અમને ગમે અને તેના ઉપર ઈર્ષ્યા કરે તો તે અમને ન ગમે. (ગ.મ.૫૨)


★ મોહનું શું રૂપ છે? તો પોતાનો અવગુણ ન સુઝે એ મોહનું રૂપ છે. (પંચવિષયને વિષે આસક્તિ એ મોહ ઉપજ્યાનો હેતું છે અને આત્મનિષ્ઠા, વૈરાગ્ય તથા ભગવાનનું મહાત્મ્ય સમજવું એ મોહ ટાળ્યાનો ઉપાય છે. ગ.મ.૧) અને ભગવાનનું મહાત્મ્ય એમ સમજ્યું જે, ''ભગવાન તો અનંતકોટી બ્રહ્માંડ અને તેને વિષે રહ્યા એવા જે જીવ અને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય તે તેને દેખે તેમ દેખે છે અને અનંતકોટી બ્રહ્માંડનો આધાર છે ને લક્ષ્મીના પતિ છે અને અનંતકોટી બ્રહ્માંડના કર્તા હર્તા છે અને શેષ, શારદા અને બ્રહ્માદિક દેવ તે પણ જેના મહિમાના પારને પામતા નથી અને નિગમ પણ જેના મહિમાના પારને પામતા નથી અને નિગમ પણ જેના મહિમાને નેતિ નેતિ કરે કહે છે.'' એમ સમજવું પણ જે પરમેશ્વરનો આવો મહિમા અને તેના ચરિત્રમાં દોષ દેખે છે તેને વિમુખ અને અધર્મી જાણવો અને સર્વ મૂર્ખનો રાજા જાણવો. અને ભગવાન અને ભગવાનના ભક્ત તેની તો અલૌકિક સમજણ હોય તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજી શકે? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન અને ભગવાનના જે ભક્ત તેનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે. (ગ.મ. ૫૩)

★ સાંખ્ય, યોગ, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ, દાનઆદિક સર્વે સાધન થકી સત્સંગ અધિક જાણતો હોય તે પુરુષના કેવા લક્ષણ હોય? જેને ભગવાનના સંત તથા ભક્તને વિષે આત્મબુદ્ધિ થઈ છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગનને જાણ્યો છે. (ગ.મ.૫૪)



અનાદિમુક્ત નહાતા હોય તે પાણી મહિમા સહિત માથે ચડાવે તો તેના પંચ મહાપાપ બળી જાય.

# અબજ અમૃત



★ મોટા સત્પુરુષની નિંદા કરનારા નબળા માણસ સત્સંગમાં નખોદ વાળે. એવા હોય તે ભગવાનને અને અનાદિમુક્તને ઓળખે નહિ. પોતામાં દોષ છે તેને મોટામાં દોષ સુઝે છે. નિશ્ચયમાં કસર હોય તો ડગી જવાય, માટે નિર્વાસનિક થઈને ભગવાન અને ભગવાનના સંત સાથે એકતા કરવી. જેને પરિપક્વ નિશ્ચય હોય તેને કાંઈ ન અડે. (દોષ ન સુઝે.) (૧/૨૨૨)

★ અનાદિમુક્ત કોઈના દોષ દેખતા નથી. અધમ જેવા જીવને પણ ઉદ્ધારે છે અને બિચારો કોઈ જીવ રખે દુખિયો થઈ જાય એવી દયા રાખે છે. (૧/૨૨૨)

★ મહારાજની આજ્ઞામાં રહેવું. નાટક, ચેટક, ભાંડ, ભવાઈ જોવી નહિ. એવા વાઘરણ જેવા સ્વભાવ રાખે તેનો શ્રીજીમહારાજ ત્યાગ કરે. માટે માયિક વાસના ન રાખવી અને સત્સંગમાં દાસપણું રાખવું. ભગવાન કરતા રજ-તમ ગુણો વહાલા રાખે તે દુઃખી થાય. (૧/૨૨૨)

★ જે આજ્ઞામાં રહેતા હોય પણ ઉપાસના પરિપક્વ ન થઈ હોય તેની શી ગતિ થાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે તેને જે બ્રહ્માંડમાં ભગવાન પ્રગટ હોય ત્યાં જન્મ ધરાવીને ઉપાસના પરિપક્વ કરાવીને ધામમાં લઈ જાય. (૧/૨૨૩)

★ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાનું પારાયણ કરે તો શું ફળ થાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને પામે અને પારાયણ કરાવનાર પારાયણ કરાવીને તે અંતે નહાતા હોય તે પાણીમાં મહિમાએ સહિત જે નહાય અથવા તે પાણી માથે ચઢાવે તેના પંચ મહાપાપ બળી જાય અને જે આજ્ઞા યથાર્થ પાળીને દિવસ દિવસ પ્રત્યે પાઠ કરી પાંચ પારાયણ કરે તેને આત્મામાં મૂર્તિ અખંડ દેખાય અને તેનું આત્યંતિક કલ્યાણ થાય. (૧/૨૨૫)

★ જેમ ત્યાગીના ધર્મ જે સ્ત્રીને ન અડવું, પણ તે બૂડતી હોય તો તેને ઝાલીને બહાર કાઢવાની આજ્ઞા છે. તેમ આપણો કોઈ અવગુણ લે તો પણ તેનો હાથ ઝાલી (સમજાવી) સત્સંગમાં લાવી તેનું સારું થાય તેમ કરવું. પણ પડ્યો મૂકવો નહિ. એ આપણો ધર્મ છે. (૧/૨૨૬)



પારસ, ચિંતામણી, કલ્પતરુ તે પાસેથી જેટલુ ચિંતવે તેટલુ મળે. તેમ મોટા અનાદિ સાથે જીવ બાંધે એટલે ચિંતવે તેટલું સુખ પ્રાપ્ત થાય.

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- ભગવાનની કથાવાર્તા કરતા કરતા ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જીવમાં ઊતરે, ત્યારે જીવમાંથી માયા નીકળી જાય પછી અખંડ ભગવાનમાં વૃત્તિ રહે ને ભગવાનની મૂર્તિનું સુખ આવે.
- ભગવાનમાં પ્રીતિ કરવી ને ભગવાનનાં ખરાં એકાંતિક ભક્ત થવું, પહેલા તો ભક્ત ચાલોચાલ હોય, કથા વાર્તામાં બેસે કથા સાંભળે. વર્તમાન પાળે એ બધા ચાલો-ચાલ ભક્ત કહેવાય. નવી ચોપડી ભણનારો હોય. પહેલવહેલો નિશાળે બેઠો હોય એમ પણ હજી પૂરો પાસ થયો નથી. એકાંતિક જ્યારે થાય ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ થાય ત્યારે એ પૂરો ભક્ત થયો. મહારાજ કહે એકાંતિક કોને કહીએ? તો જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચાર સાધને યુક્ત ભક્તિ કરતો હોય. મહારાજ કહે અમારી મૂર્તિમાં તેલધારા અખંડવૃત્તિ રહે, જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં અખંડવૃત્તિ રહે ત્યારે એકાંતિક થયો. ત્યારે બધા તેજોમય ઝળઝળાટ દેખાય. પછી એને અપાર અપાર મૂર્તિનું સુખ આવે. એ મૂર્તિ એને દેખાણી ત્યારે તે પરમએકાંતિક મુક્ત સિદ્ધ થયો; એને કામ પુરુ થઈ ગયું પણ એમાંય પાછો ભેદ છે. મુક્ત થયો; પરભાવને પામ્યો. પણ સિદ્ધ મુક્ત બે પ્રકારના મહારાજ કહે : એક પરમએકાંતિક મુક્ત અને બીજા અનાદિમુક્ત. મહારાજે લોયાના ૧૪માં વચનામૃતમાં કીધુંઃ અધોઊર્ધ્વ ચારેકોર પ્રમાણે રહિત એવું અક્ષરધામ છે. તેજનાં સમૂહરુપ એના મધ્યે સિંહાસન છે. તેમાં મહારાજ કહે અમે વિરાજમાન છીએ અને અમારી ચારેકોર જે અમારા મુક્ત તે દર્શન કરે છે. એ મુક્ત પરમએકાંતિક કહેવાય અને કેટલાક મુક્તોને મહારાજ અતિ સ્નેહે કરીને મૂર્તિમાં એકાત્મતાને પમાડે છે. મૂર્તિ સાથે ઐકાત્મ્ય પામી અને મૂર્તિમાં રોમ રોમનું નવીન નવીન સુખ અખંડ લે. એને મૂર્તિનું સુખ ઘણું અધિક આવે. એને અનાદિમુક્ત કહેવાય છે. અનાદિ ને પરમએકાંતિક બે મુક્ત સિદ્ધ દશામાં છે. અને એકાંતિક ને ચાલો ચાલ એ બે આ સાધન દશામાં છે. અત્યારે આ સત્સંગમાં હોય તે સાધન દશામાં છે. ને ધામમાં બેઠા તે સિદ્ધ દશામાં છે. એમ મહારાજ કહે એકાંતિક, પરમએકાંતિક ને અનાદિ એમ થઈ જાય.



## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- હવે તો એવું જ મનન કરવું કે, ''શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, હું અનાદિમુક્ત છું.'' બાપાશ્રીનો આ રહસ્ય અભિપ્રાય છે.
- સમાગમ કરનારા સંત-હરિભક્ત તથા બાઈઓમાં ઘણા જાણી ગયાં કે બાપાશ્રીનું પ્રગટપણું અનાદિમુક્તની સ્થિતિ સમજાવવા, એ સ્થિતિ પમાડવા અર્થે છે. જે જાણી ગયા તે માણી ગયા.
- સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા બીજા અનેક મુક્તોએ એ એક જ કાર્ય કર્યું છે. પોતે

- તો મૂર્તિના સુખે સુખિયા હતા છતાં મહારાજના સંકલ્પથી અનેકને ચરિત્ર-પ્રતાપ ને સર્વોપરીપણાની, આજ્ઞા-ઉપાસનાની વાતોથી પૂર્ણકામ કર્યા, કૃપામાં આવનારને મનાવી દીધું કે જેને દેહ મૂક્યા પછી પામવા હતા તે તો દેહ છતાં મળ્યા. આ કાર્ય બીજાથી બને નહિ. એટલા માટે મહારાજ અને મહારાજના મળેલા-બે મોક્ષના દાતા ગણાય છે.



## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા

- ભગવાન વિના બીજો ખોટો ઘાટ થઈ જાય છે. એના માટે દાઝ થાવી જોઈ. અરેરે. મને મહારાજની મૂર્તિ વિના આવો ઘાટ થયો. ત્યાં મનને પછે પકડેય કે અરે આવા મહારાજને મૂકીને જ્યાં ત્યાં વિષ્ટા ખાવા ક્યાં ગ્યો? મન ક્યારે મટે? તે આત્મારુપ થઈ જ્યારે પરમાત્મામાં જોડાય ત્યારે મન કબ્જામાં રહે. પછી ભગવાન વિના ખોટો ઘાટ પણ ન થાય. આવા મહારાજ અને મોટાએ દયા કરી અને આપણને સુગમ માર્ગ કરી દીધો છે. આગળના દાખડા તો જુઓ. કેટલા દુઃખ વેઠીને ભગવાનને રાજી કર્યા છે. ઈ માયલું આપણને દુઃખ નથી. આ બધા મનના દુઃખ. આત્મા પરમાત્મા સાથે જોડાય જાય તો મનના દુઃખ મટી જાય ને મહારાજ એક રહે.
- હિંમત રાખીને કથા, વાર્તા, ધ્યાન, ભજન, માળા, માનસી, પૂજા, સંત, સમાગમ, સેવા... મહિમાથી કરવી માન ખાતર નહિ. વખાણવા ખાતર નહીં. વૈરાગ્ય છે, તે હું કેવો વૈરાગ્યવાન છું? અહંકાર આવવા ન દેવો. હું કેવી ભક્તિ કરું છું? હું આવી ગ્યું ત્યાં ખરાબ થઈ જાય. હું તો કાઢી નાખવું. હું તો મહારાજ ભેળો છું. મહારાજ મારા ભેળા છે. અહં ભાવ ત્યજી દેવો.



## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા

- એકવાર ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ વાત લખાણમાં કદાચ નહિ હોય, પણ સાંભળેલી વાત છે. સ્વામીને સભામાં પ્રશ્ન પૂછ્યો કે મહારાજ એમ કહે છે કે આ અક્ષરધામની સભા છે, તો આ સભા બધા અનાદિમુક્તોની સભા છે? તે શું સમજવું? તો મહારાજ કહે છે કે અમે સારીયે સભા લઈને અહીં પૃથ્વી ઉપર દર્શન દેવા આવ્યા છીએ અને એ સભાની અંદર આ સભા એક થઈ જાય છે. માટે એ પણ અક્ષરધામની સભાના મુક્તો બની ગયા. તો આ અક્ષરધામની દિવ્ય સભામાં આપણે પણ બધા અનાદિની પંક્તિમાં બેસી તો ગયા. કોણે બેસાડ્યા? બાપાશ્રીએ અને બાપાશ્રી દ્વારા કોણે સંકલ્પ કર્યો? સ્વામિનારાયણ ભગવાને.
- ગોપાળાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું તો એમ કહ્યું કે મારી સમજણ પ્રમાણે આમાં ચાલોચાલ છે, પરમએકાંતિક છે, એકાંતિક છે, અનાદિમુક્તો પણ છે. ત્યારે મહારાજે પૂછ્યું કે ચાલોચાલ હરિભક્તો વિષે તમને મનુષ્યભાવ આવે ખરો? કહે ન આવે. કેમ એમ? તો કહે આ સભાને તમે અક્ષરધામની સભા કહી તો તેમાં બધા આવી ગયા. અને જે ન આવ્યા એનું કારણ હું એવું દેખું છું કે એમને મનુષ્યભાવ આવે છે, પણ આપના પ્રતાપથી મનુષ્યભાવ આવે તેને સંકલ્પથી ટાળી મૂકે. એમ કરતાં કરતાં આગળ વધે છે. એ પ્રક્રિયા હું જોઉં છું. અને જ્યારે દિવ્યસ્થિતિ થાય, ત્યારે કોઈનો અવગુણ આવતો નથી. મૂર્તિસ્થ થયા પછી અવગુણનો સવાલ જ રહેતો નથી.

# આધ્યાત્મિક જ્ઞાન

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

ગતાંકથી ચાલુ.....

૩૨૬ ભગવાનના આશ્રિત ક્યારે થયા કહેવાઈએ ? આશરો (આશ્રય) એટલે શું ? મહારાજ કહે છે કે મારા આશ્રિત જે હોય તેને અંત સમે જરૂર મારે તેડવા આવવું, એવું મારું બિરૂદ છે. એ સત્ય હકીકત છે. પણ આપણે મહારાજના આશ્રિત ક્યારે થયા કહેવાઈએ ? જ્યારે મહારાજને સંપૂર્ણ શરણાગત, સંપૂર્ણ સમર્પણ કરીએ અને શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈના આશરાનો સંકલ્પ સરખો પણ ન થાય ત્યારે. ગમે તેટલી ઉચ્ચ ભૂમિકા હોય- ઠેઠ મૂળઅક્ષર સુધીની, ગમે તેવા વિષયો હોય, મહારાજના આશ્રિતને એમાં નિશ્ચય કે મહિમા થાય નહિ. ભગવાનથી અધિકપણું ક્યાંય સમજાય નહિ, સર્વ કરતા એક શ્રીજીમહારાજ જ સમજાય એ આશરો, એ આશ્રય. મહારાજ સિવાય ક્યાંય રૂચિ વર્તે નહિ, ક્યાંય દ્રષ્ટિ ખેંચાય જ નહિ. એનું નામ મહારાજનો આશરો, આશ્રય. મહારાજ કહે છે કે એ આશરો ખંડિત ન થવો જોઈએ. જો ખંડિત થઇ જાય તો પ્રાયશ્ચિત કરવું પડે. ઘણીવાર આશરામાં સંકલ્પ-વિકલ્પ થઇ જાય, સમી જાય, શ્રધ્ધા ખંડિત થઇ જાય, વળી પાછુ મન પોતાની મેળે એ સંકલ્પો દૂર કરે, એવું શા માટે કર્યા કરે છે ? તો મહારાજ કહે છે કે ચૈતન્ય મારો ભક્ત થયો હોવા છતાં એને આશરાની પરિપકવતા બરાબર દ્રઢ નહિ હોવાથી આવું કર્યા કરે છે; થયા કરે છે, એટલે એને મારી મૂર્તિનું સુખ બરોબર આવતું નથી. મારો નિશ્ચય હોય તો એને સ્વરૂપ તરત દેખાય? સ્વરૂપ દેખાવું સહેલું નથી. સ્વરૂપ ક્યારે દેખાય તો મહારાજની આજ્ઞા બરોબર પાળીને શુધ્ધ થાય ત્યારે. હમણા એ આવરણોથી, અંતઃશત્રુઓ અને બીજા દોષોથી ઘેરાયેલો છે એટલે સ્વરૂપ દેખાતું નથી. એટલે પંચવિષયની આશ એ લકવો મટાડવો તો જોઈએને ? પંચવિષયમાંથી રૂચિ ખસી જાય એટલે આ સ્વરૂપ ખૂબ નિર્મળ દેખાય છે. મહારાજ કહે છે કે મારા જેટલો નિર્મળ બને ત્યારે એ મારા સુખમાં રહી શકે. એટલે ભગવાન જેટલા નિર્મળ ત્યારે જ થવાય કે જયારે ભગવાનના સાચા આશ્રિત બનાય. - મામાશ્રી.

૩૨૭ આજ્ઞાલોપ :: ઓ અધિકારી વર્ગ આજ્ઞાલોપ ચલાવે તો એને ભૂત અને બ્રહ્મરાક્ષસનો દેહ આવે. આ શ્રીહરિના મુખના વચનો છે. આપણું ન ઉપજે એવું હોય તો શું કરવું ? મહારાજ કહે છે કે તો એનો મૌન પ્રતિકાર કરવો અને એનો ત્યાગ કરવો, ત્યાં ન રહેવું જોઈએ. પોતાથી ન બની શકે તો મહારાજને પ્રાર્થના કરી માળા ફેરવવી પડે છે. મહારાજ તરત જ પ્રાર્થનાનો સ્વીકાર કરીને આજ્ઞા લોપાનારને સુધારે છે, પણ જો એની વચ્ચે રહે તો એ ઉપાધિ છે. ઉપાધિમાં રહીને મુક્તદશા આવતી નથી. એ ઉપાધિમાં રહીને આજ્ઞાલોપ જોયા કરવો એ દ્રોહ ગણાય.

આજ્ઞાલોપ થતો હોય તો દિવ્યભાવ ન રહેતા દ્રોહ થઇ જશે, અવગુણ આવી જશે એમ ધારીને આંખ્યમિચાણા ન કરાય. ચલાવી ન લેવાય. એનો પ્રતિકાર શુધ્ધ બુદ્ધિથી કરવો પડે એ અદ્રોહ છે. નહિ તો એના જીવનું બગડી જાય. કેટલાયનું બગડી જાય. આજ્ઞા એ મહારાજનું સ્વરૂપ છે. આજ્ઞારૂપી સ્વરૂપ આપણને મહારાજની મૂર્તિના સુખમાં રહી શકાય એવા પાત્ર કરે છે. તો પહેલું એ જરૂરી છે અને ઉપાસના શુધ્ધિની સમજણ જરૂરી છે.- મામાશ્રી. ।। આજ્ઞાલોપનું પ્રાયશ્ચિત કર્યા વગર સાધન બધા ખજીને પડતા નથી ને મૂર્તિનું સુખ આવતું નથી. માટે જે જે આજ્ઞાલોપ થાય તેનું પ્રાયશ્ચિત તરત કરી નાખવું. પાત્ર થવા મહારાજની આજ્ઞાઓનું પાલન યથાર્થ કરવું જોઈએ. એ આજ્ઞાઓ ખૂબ સરળ અને પૂર્ણ છે. ભગવાનના પંચવર્તમાન પાળે તેને દુઃખ ન આવે. બાપાશ્રીએ એમ કહ્યું કે છતે દેહે અમે મૂર્તિમાં તો રાખ્યા છે, મહેરબાની કરીને હવે કૂદાકૂદ ન કરશો એટલે કે આજ્ઞા મુજબ વર્તજો. અમે કહ્યું તેમ શબ્દોમું મનન કરજો; તો ભગવાનના સુખ તરફ જવાશે. - મામાશ્રી.

૩૨૮ ભક્ત : હરિભક્ત કોને કહેવાય ? ભક્તિ કોને કહેવાય ? વિમુખ કોને કહેવાય ? મહારાજ કહે છે કે ભગવાન સિવાય ક્યાંય સ્નેહ ન હોય ને વૃત્તિ ભગવાન સાથે નિરંતર લાગી રહે એ ભક્તિની પૂર્ણતા છે અને જેને આવો મહિમા, આવી ભક્તિ સિધ્ધ થઇ ચૂકી છે એને



ભગવાન ભજી લેવા અને સત્સંગ દિવ્ય સમજવો. મોટા મુક્તનો ખપ કરવો.
મોટાને તો એક ભગવાન જ જીવના હોય તેમને ઓળખવા.

હરિભક્ત કહેવાય. આપણે એ સ્થિતિને પામવાનું છે. બે આશ્રમ - બ્રહ્મચર્યાશ્રમ ને ગૃહસ્થાશ્રમ પૂરા થઇ જાય પછી પ્રયત્નમાં મંડી પડવાનું.

મહારાજ કહે છે કે જેવો પોતાના સગા-વહાલા કે માબાપનો પક્ષ રહે છે તેવો ભક્તનો દ્રઢ પ્રસંગ રાખે અને ભક્ત સાથે કોઈ વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઇ જાય પણ આંટી રાખે નહિ; તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય.।। મહારાજ કહે, '' અમારો દયાળુ સ્વભાવ છે તોપણ જો કોઈક ભક્તને ક્રૂર દ્રષ્ટિએ જોતો હોય ને તે જો પોતાનો સગો-વહાલો હોય તોપણ એમ થાય કે તેની આંખ ફોડી નાખીએ, હાથે કરીને દુબતો હોય તો હાથને કાપી નાખીએ એવો તેનો અભાવ આવે છે પણ ત્યાં દયા નથી રહેતી, એવો જેને ભગવાન ને ભક્તનો પક્ષ હોય તેને જ પૂરો ભક્ત કહેવાય.(મ.૬૦). ।। વળી મ.૨૬માં મહારાજ કહે છે કે (૧) જે ભગવાન તથા ભક્તને ન ગમતું હોય તે ન જ કરે, ભજન કરવામાં અંતરાય કરતા હોય તેવા પોતાના સગાવહાલા કે પોતાનો સ્વભાવ; તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરે, ભગવાનથી વિમુખ હોય તેનો પક્ષ ન લે, જેમ ભરતજીએ પોતાની માતાનો પક્ષ નહોતો લીધો તેમ. (૨) સૌથી વિશેષે પોતામાં જ અવગુણ ભાસે, બીજામાં અવગુણ જુએ ને પોતામાં ગુણ પરઠે તે તો સત્સંગી છે તોપણ અર્ધો વિમુખ છે (૩) ભક્તિ કરવામાં આત્મજ્ઞાન, વૈરાગ્ય કે ધર્મ જો અંતરાય કરતા હોય તો તેને પણ પાછા પાડીને ભક્તિનું જ મુખ્યપણું રાખે, જો ભક્તિમાં સહાયરૂપ થતા હોય તો તો ઠીક છે એમ સમજે, તે પૂરો ભક્ત કહેવાય. વળી મહારાજ કહે છે કે અમારો મહિમા જાણીને અમારે વિષે પ્રીતિ કરે, નવધા ભકિત કરે ને અમારી આજ્ઞામાં વર્તે તે સાચો ભક્ત છે. ।। વળી છે.૨૫ માં મહારાજ કહે છે કે પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે. ઇત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ આવી પડે તોપણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે. રતિવા સરસ થાય તેને ખરો ભક્ત કહીએ. ।। સાધનદશાવાળા એકાંતિકને પ્રેમી ભક્ત જાણવા. તેમના ભગવાનના સંબંધવાળી ક્રિયાઓના મનોરથ પૂરા કરવા માટે ભગવાન પ્રગટ થાય છે. બધી સામર્થી ઢાંકીને તેમના જેવા થઈને આવે છે. (કા.૫). ।। મહારાજ કહે, '' જેને પોતાના જ અવગુણ સૂઝે પણ બીજા ભક્તના દોષને દેખે જ નહિ તેને પાકો હરિભક્ત જાણવો '' (મ.૪૪). ।। મહારાજ કહે છે કે જે ભગવાનને નિર્વિકારી ને નિર્લેપ સમજે, ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય-અયોગ્ય ઘાટ ઘડે નહિ તથા પોતાના આત્મને વિષે જેને સ્થિતિ હોય તેને સ્થિતપ્રજ્ઞ ભક્ત જાણવો. (મ.૧૬). ।। જેને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ભક્તિ ત્રણેય હોય તે અનન્ય ભક્ત, જ્ઞાની ભક્ત ને એકાંતિક ભક્ત છે. (મ.૬૫). ।। જેને ભગવાનનો દ્રઢ આશ્રય હોય મતલબ કે મહાપ્રલય જેવું દુઃખ કે દીર્ઘ રોગ આદિક આવે, વ્યવહારમાં દુઃખ, આજીવિકા તૂટી જાય એવા ઘણા દુઃખ આવી પડે તોપણ રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે , પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે, પ્રભુની મરજી પ્રમાણે જ વર્તે, એવો જે હોય તેને અનન્ય ભક્ત ને પ્રભુનો શરણાગત જીવ કહેવાય. (વ.૫). ।। હરિભક્તમાં મોટેરો કોને જાણવો ? મહારાજ કહે, '' અમારે ને અમારા સંતને અર્થે પોતાનું સર્વસ્વ કરી નાખે, સત્સંગને અર્થે માથું દે અને અમે આજ્ઞા કરીએ તો પરમહંસ થાય તે સર્વે હરિભક્તમાં મોટો છે. '' (મ.૬૧). ।। બીજી વસ્તુ છે તેવો તો સંકલ્પ પણ ન થાય, એ ભક્ત થયો કહેવાય. મૂર્તિમાં રહે તેને મતે બીજું કંઈ છે જ નહિ, મૂર્તિ જ છે. ।। કેવા ભક્ત ઉપર ભગવાનની પ્રસન્નતા થાય છે ? મહારાજ કહે છે કે કોઈ ભક્તને શૂળીએ ચડાવ્યો હોય ને અમે તેની પાસે ઊભા હોઈએ પણ તેના હ્રદયમા ઘાટ ન થાય કે ભગવાન મને શૂળીના કષ્ટથી મૂકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે એવા નિષ્કામી ભક્તની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે.।। જેને ભગવસ્વરૂપનું બળ અધિક હોય અને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય ને તે જ પાકો સત્સંગી છે. (મ.૯). ।। જે ભગવાનને નિર્વિકારી ને નિર્લેપ સમજે તેને ભગવાનનો સ્થિતપ્રજ્ઞ ભક્ત જાણવો. (મ.૧૭). ।। વિમુખ કોને કહેવાય ? મહારાજ કહે, '' જે અમારા ભક્તને દુઃખે દુઃખી ન થાય તે ચંડાળ ને વિમુખ છે. બધાય સાધુને સરખા જાણે તથા અમારું ને અમારા ભક્તનું કોઈક ઘસાતું બોલે તેને સાંભળી રહે તે પણ વિમુખ છે. '' (મ.૬૦).

**ક્રમશઃ**


મુક્તના જોગ વિના અંતર ખુલ્લા કરી શકે એવું કોઈ સાધન કે વિધિ નથી.

# અવગુણ / દ્રોહ ન લેવા / કરવા વિષે

ગતાંકથી ચાલુ....

શ્રી રાજ વકીલ - અમદાવાદ

ગત અંક સુધી આપણે ભગવાન અને ભક્તના અવગુણ ના લેવા/ દ્રોહ ના કરવા વિષેના કેટલાક વચનામૃતના સંદર્ભો જોયા. હવે તેમાં બીજા કેટલાક વચનામૃત જોઈએ. પ્રથમના ૬૭માં મહારાજે કહ્યું કે જેના હ્રદયમાં સત્પુપુષના ગુણ ન જ આવે તેના એવા લક્ષણ હોય કે જે એમ સમજતો હોય જે આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતા-પીતા પણ આવડતું નથી અને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતા પણ આવડતું નથી અને કોઈને આપે છે તે પણ વિવેક વિનાનું આપે છે એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે એવો જે કુમતિ પુરુષ હોય તેમાં કોઈ કાળે સત્પુરુષના ગુણ આવેજ નહિ. સારંગપુરના ૧૪માં મહારાજે કહ્યું કે વૈકુંઠમાંથી જય વિજય ભગવાનના પાર્ષદ પડ્યા એતો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારું પાડ્યા જે સનકાદિક જેવા સંતનો દ્રોહ કરે તો વૌકુંઠાદિક જેવા ધામને પામ્યો હોય તો પણ પડી જાય છે. સારંગપુરના ૧૮માં મહારાજે કહ્યું કે જેની પ્રૌઢ અવસ્થા હોય અને તે સત્સંગ કરતાં થકા બગડે છે તેનું કારણ એ છે કે મોટા પુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે. તે જો સત્પુરુષના ગુણ ગ્રહણ કરે અને પોતાના અપરાધને ક્ષમા કરાવે તો તે પુરુષની મલિનતા મટી જાય છે. કારીયાણીના બીજામાં મહારાજે કહ્યું કે જો મોટા સંતને દુખવ્યા હોય અથવા કોઈ ગરીબને દુખવ્યા હોય તેણે કરીને બુદ્ધિ શાપિત થઈ જાય છે અને સત્સંગ કરવા છતાં પણ ભગવાન અને સંતનો અવગુણ આવ્યા કરે છે. કારીયાણીના ૯માં મહારાજે કહ્યું કે જેના હ્રદયમાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે જ નહિ અને ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહિ અને ભક્તના અલ્પ દોષ હોય તે પણ મહિમાના સમજનારાની દ્રષ્ટિમાં આવેજ નહિ. અને જે એવી રીતે મહિમા ના સમજે અને ભગવાનના ભક્ત સાથે વૈર બંધાય તો તેને અર્ધો સત્સંગી જાણવો. લોયાના પહેલામાં મહારાજે કહ્યું કે જેને દેહાભિમાનને યોગે કરીને સંતની શિક્ષા ગ્રહણ કરતા આવડે નહિ અને સામો સંતનો અવગુણ લે તેને કોઈ રીતે પ્રાયશ્ચિતે પણ શુદ્ધ થવાતું નથી અને તે સત્સંગથી વિમુખ થયા વગર રહેશે નહિ. અને તે અતિ દિન થઈને તે સંતને પ્રસન્ન કરે તો જ તે અવગુણ આવ્યો હોય તે ટળીને શુદ્ધ થવાય છે. લોયાના ૫માં મહારાજે કહ્યું કે જેને સંતમાં ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનોજ સત્સંગમાં દ્રઢ પાયો થાય છે અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ના હોય તે સત્સંગમાં રહ્યો હોય તો પણ તેનો દ્રઢ પાયો નથી. લોયાના ૧૬માં મહારાજે કહ્યું કે ભગવાનના ભક્તનો જે દ્રોહ કરે તેના જે સર્વે ગુણ તે દોષરૂપ થઈ જાય છે. પંચાળાના ત્રીજામાં મહારાજે કહ્યું કે જે પોતામાં તો કોઈ વારે અવગુણ પરઠે નહિ અને ગુણ જ પરઠે તેની બુદ્ધિ ઉપરથી તો બહુ તોજાળી જણાય પણ એને બુદ્ધિવાળો ના કહેવાય. તેને તો અતિ મૂર્ખ જાણવો. મધ્યના ૯માં મહારાજે કહ્યું કે પોતાને મળ્યું જે સ્વરૂપ કહેતાં શ્રીજીમહારાજને સદા દિવ્ય સાકાર, સર્વે અવતારના અવતારી ન સમજે અને નિરાકાર અને બીજા અવતાર જેવા સમજે તો એ મહારાજનો દ્રોહ કર્યો કહેવાય. મધ્યના ૧૧માં મહારાજે કહ્યું કે ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનના ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હ્રદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. મધ્યના ૨૭માં મહારાજે કહ્યું કે જેને ગરીબ ઉપર ક્રોધાદિકનો સંકલ્પ થતો હોય તો તેને મોટા ઉપર પણ થાય અને પોતાના



શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા મુક્ત ચાલતાં આપી દે છે.
મોટા મુક્તની સેવા ને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય છે.

ઈષ્ટદેવ ઉપર પણ ક્રોધાદિકનો મલીન ઘાટ થાય. માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને કોઈ ઉપર મલીન ઘાટ કરવો નહિ. મધ્યના ૨૮માં મહારાજે કહ્યું કે અમારો દયાળુ સ્વભાવ છે તો પણ જે હરિભક્તનો દ્રોહી હોય તેનો તો અમારે અભાવ આવે છે અને હરિભક્તનું ઘસાતું જો કોઈ બોલ્યો હોય અને એને જો હું સાંભળું તો તે સાથે હું બોલવાને ઘણો ઈચ્છું પણ બોલવાનું મન જ થાય નહિ. અને ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે તે અતિશે મોટા હતા તો પણ પોતાની પદવી થકી પડી ગયા છે. માટે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. મધ્યના ૪૦માં મહારાજે કહ્યું કે ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું જીવનું ભૂંડું થાય છે અને એ જીવને કષ્ટ થાય તેવું કોઈ પાપે કરીને થાતું નથી. મધ્યના ૪૪માં મહારાજે કહ્યું કે જેને પોતામાં એકે અવગુણ ભાસે નહિ અને બીજા હરિભક્તમાં કેવળ અવગુણ ભાસે એવી જેની બુદ્ધિ હોય તેને આસુરી જાણવો. મધ્યના ૪૫માં મહારાજે કહ્યું કે ભગવાન અને ભગવાનના સંતને કુરાજી કરે તો આ ને આ દેહે મર્ત્ય લોકમાં યમપુરીના જેવું દુઃખ ભોગવે ને તેણે સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તો પણ તેનો નાશ થઈ જાય અને નરકમાં જવું પડે. મધ્યના ૪૭માં મહારાજે કહ્યું કે જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૈયામાં અભાવ આવે તેયારે એ ભક્ત એકાંતિકના ધર્મમાંથી પડ્યો જાણવો અને તે ભગવાનના ધામને તો ન જ પામે. માટે પંચ મહાપાપ થકી પણ ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે. મધ્યના ૫૩માં મહારાજે કહ્યું કે ભગવાન અને ભગવાનના ભક્તના ચરિત્ર અને તેમની સમજણને વિષે જે દોષ દેખે છે તે વિમુખ, અધર્મી અને સર્વ મુર્ખનો રાજા જાણવો. મધ્યના ૫૯માં મહારાજે કહ્યું કે પોતાના સ્ત્રી-પુત્રાદિક કુપાત્ર અને કુલક્ષણવાળા હોય તો પણ કોઈ રીતે તેનો અવગુણ એ જીવને આવતો નથી અને ભગવાનના ભક્ત સર્વે રૂડે ગુણે કરીને યુક્ત હોય પણ જો તેને લગારેક કઠણ વચન કહ્યું હોય તોની આંટી જીવે ત્યાં સુધી મુકે નહિ એવી જેની વૃત્તિ હોય તેને પોતાના સંબંધી જેવું ભગવાનના ભક્ત ઉપર હેત કહેવાય નહિ ત્યારે એનું કલ્યાણ પણ થાય નહિ. મધ્યના ૬૦માં મહારાજે કહ્યું કે જેને ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે અને તેની વૈરભાવે આંટી પડી જાય તે જીવે ત્યાં સુધી ટળે નહિ એવો જે ચાંડાળ જેવો જીવ હોય તે ધર્મે યુક્ત હોય, ત્યાગે યુક્ત હોય, તપે યુક્ત હોય, તે સર્વે વૃથા છે અને બીજા પણ કોટીક સાધન કરે પણ તેના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહિ. અને જે પોતાની સારપ રાખ્યા સારું ભગવાનનું કે ભગવાનના ભક્તનું કોઈક ઘસાતું બોલે અને તેને સાંભળી રહે તો તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો. અને અમારો દયાવાળો સ્વભાવ છે તો પણ જો કોઈક ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગો-વ્હાલો હોય તો પણ જાણીએ જે તેની આંખ ફોડી નાખીએ અને હાથે કરીને ભગવાનાન ભક્તને દુભાવે તો તે હાથને કાપી નાખીએ એવો તેનો અભાવ આવે છે પણ ત્યાં દયા નથી રહેતી. મધ્યના ૬૫માં મહારાજે કહ્યું કે જેને ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઉતરતી નથી અને આ સંસારમાં પંચ મહાપાપના કરનારાઓ કોઈ દિવસ છૂટકો થાય પણ ભગવાનના ભક્તના દ્રોહ કરવો તે બરાબર કોઈ પાપ નથી. મધ્યના ૬૬માં મહારાજે કહ્યું કે કોઈ એવો પુરુષ હોય તેને બુદ્ધિ ઘણી છે તો પણ બીજા હરિભક્તને વિષે ગુણનો ત્યાગ કરીને કેવળ દોષ જ દેખે છે તેનું કારણ એ છે કે આ જન્મે અથવા કોઈ જન્માંતરને વિષે એને કોઈ મોટા ભગવાનને ભક્તનો અપરાધ કર્યો છે તે પાપે કરીને એની બુદ્ધિ દોષે યુક્ત છે માટે એને હરિભક્તના દોષ સુઝે છે ને પોતાના દોષ સુઝતા નથી.

ક્રમશઃ



આજ મોટા અભયદાન આપે છે તે સર્વે આવરણ ટાળીને મહારાજની મૂર્તિમાં બેસારી દે છે.



કારણ સત્સંગનું ઝરણું મહાસાગરમાં વીલીન

# અ.મુ.સદ્. શ્રી નિત્યમુક્તદાસજી સ્વામી

સં. ૧૯૮૨ માગસર સુદ-૫
તા. ૨૧/૧૧/૧૯૨૫
થી સં. ૨૦૮૧ મહા વદ-૨
તા. ૧૪/૨/૨૦૨૫

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે ગઢડા મધ્ય પ્રકરણના ૧૩માં વચનામૃતમાં જણાવ્યું છે કે ''અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વ અવતારનું કારણ છે અને સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.'' જીવનપ્રાણ બાપાશ્રી આ વાતનો મર્મ સમજાવતા જણાવે છે કે શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો રહ્યા છે તે મુક્તો જીવોના મોક્ષ કરવા શ્રીજી મહારાજના સંકલ્પ થી આંહી દર્શન આપે છે અને અનેક જીવોનો ઉદ્ધાર કરીને આંહીથી અંતર્ધાન થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ જાય છે. આ મુજબ ભગવાન શ્રીહરિએ આવાજ એક દિવ્યમુક્ત (કાંતિભાઈ)નું પ્રાગટ્ય શ્રીહરિની ચરણરજથી પાવન થયેલ ગઢું મારું અને હું ગઢડાનો એવી દિવ્ય ભૂમિ ગઢડામાં સં. ૧૯૮૨ માગસર સુદ-૫, તા. ૨૧-૧૧-૧૯૨૫ના થયું.

સંપ્રદાયમાં સૌ પ્રથમ બેવડી કંઠી બનાવી જેમણે શ્રીહરિ પાસે માન્ય કરાવી અને શ્રીહરિના અસીમ રાજીપા રૂપ તમામ સત્સંગીઓના કંઠમાં આજે અભય ચક્ર રૂપ કંઠી શોભી રહી છે તેના પ્રેરક એવા ખીમાભાઈ સુથાર તથા પ્રેમજીભાઈ સુથારના ચોથા વંશજ અ.મુ. શ્રી શામજીભાઈ છત્રાવાળા (ગર્જ્જર) તથા શ્રી ગંગાબા થકી 'કાંતિભાઈ'નું પ્રાગટ્ય થયું. તેમણે આ લોકની દૃષ્ટિએ ધોરણ-૫ સુધીનો અભ્યાસ કરેલો તેમનામાં પ્રથમથીજ ભક્તિભાવ અને પ્રખર વૈરાગ્યના દર્શન સહુને થતા હતા. કાંતિભાઈમાં શ્રીહરિની દિવ્ય શક્તિ અપારરૂપે છુપાઈ હતી. જોગાનું જોગ અ.મુ.સદ્ શ્રી મહાનુભાવાનંદ સ્વામી જેવા મહાસમર્થ સંતની પરંપરાના શ્રીહરિ તથા બાપાશ્રીના પરમ કૃપાપાત્ર એવા અ.મુ.સદ્. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામીના યોગમાં માંડલ મુકામે આવ્યા. માતા-પિતાની મંજૂરી લઈ સાધુ થઈને આજીવન સત્સંગની સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પુરાણી મુનિસ્વામીએ તેમને વર્તમાન ધરાવીને પાર્ષદની દીક્ષા આપી સાથે રાખ્યા જે વખતે તેમની ઉંમર ૧૫ વર્ષની હતી. પછી સાધુતાના ગુણો જોઈને વિ.સં. ૨૦૦૫માં અમદાવાદ ગાદીના પીઠાધીપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અપાવીને નિત્યમુક્તદાસ નામકરણ કર્યું. નિત્યમુક્તનો અર્થ થાય છે અનાદિમુક્ત-કૈવલ્યમુક્ત.

જોતજોતામાં ગુરૂજીનો સંપૂર્ણ રાજીપો મેળવી લીધો અને ગુરુજીના સર્વે દિવ્ય ગુણો પણ જીવનમાં આત્મસાત કર્યા. અણિશુદ્ધ આજ્ઞાપાલક, બૃહદ વૈરાગ્ય મૂર્તિ, શાસ્ત્રવેત્તા- શ્રીજીમહારાજનું સર્વોપરી પણું પ્રવર્તવવાના દૃઢ હીમાયતી-તદ્દન નિસ્પૃહી, એક રહેણી-કરણી જેવા દિવ્ય ગુણો વડે સત્સંગ બાગના મઘમઘતા પુષ્પ સમાન બની ગયા. જીવનપ્રાણ બાપાશ્રીના સ્વરૂપનો યથાર્થ મહિમા સમજાવવામાં દૃઢ નિડર સિદ્ધાંતવાદી બન્યા. શ્રીજીમહારાજ અને બાપાશ્રીનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય કરાવી મૂર્તિનું સુખ લેવાની લટક ઘણા મુક્તોને બતાવી મૂર્તિનું સુખ લેતા કર્યા હતા. ગુરૂની સંપૂર્ણ અનુવૃત્તિમાં રહી 'શિક્ષાપત્રી રહસ્યાર્થ અને બીજા અનેક દિવ્ય ગ્રંથના નિર્માણ વખતે લેખન કાર્યની અને પ્રુફ રીડીંગની સેવા કરી ગુરૂજીને ખૂબ પ્રસન્ન કર્યા હતા. સંપ્રદાયમાં ઉચ્ચ આદર્શ અને શ્રેષ્ઠ ઉપાસના જેવી સત્સંગના હાર્દ સમી બાબતો સિદ્ધ કરાવતું સાહિત્ય સર્જન કર્યું. તેમનો વધુ સંદેશ તેમણે સર્જન કરેલા સાહિત્ય-ગ્રંથમાંથી મળશે જે ભવિષ્યમાં કારણ સત્સંગના પોષણ માટે અતિ મહત્વનું બનશે.

આત્યંતિક કલ્યાણના ઉદ્‌ગમ સ્થાનરૂપ છતેડીધામના વિકાસ-પ્રચાર અને પ્રસારમાં હરહંમેશ પોતાના ગુરૂજીની સાથે અડગ હિમાલયની જેમ રહ્યા. તેમના ગુરૂબાઈ. અ.મુ.સદ્. શ્રી કૃષ્ણજીવનસ્વામી (બાપુસ્વામી) તથા બીજા અન્ય સંતો-હરિભક્તો તથા બાપાશ્રીના પરિવારને સાથે રાખી અનેક નાના મોટા ઉત્સવો પાટડી વિસ્તારના હરિભક્તોના આધ્યાત્મિક પોષણ માટે પાટડી ગામને ધામરૂપ બનાવનાર ગુરૂજીની દિવ્ય કર્મભૂમિ ને નિવાસ સ્થાન બનાવી હજારો હરિભક્તોને સુખીયા કર્યા. આ લોકનું કાર્ય જે શ્રીહરિએ સોંપ્યું તે પૂર્ણ કરી સંવત ૨૦૮૧, મહાવદ-૨ તા. ૧૪-૨-૨૫ને શુક્રવારના રોજ શ્રીહરિ સંધ્યા આરતી પૂર્ણ થયા પછી સ્વતંત્રપણે ગુરૂજીની રમણભૂમિ પાટડી ધામથી જ મૂર્તિધામે વિરામ કર્યો. સંપ્રદાયને ન પુરાય તેવી મોટી ખોટ પડી છે. શ્રીહરિને ગમ્યું તે ખરું. એમનું જીવન એજ એમનો સંદેશ રહ્યો છે.

નગરજનોના દર્શનાર્થે પાટડી ગામે બહોળી સંખ્યામાં સંતો એન હજારો હરિભક્તોની મેદની સાથે અંતીમ યાત્રા કાઢી સદ્. શ્રી કૃષ્ણજીવનસ્વામીને અગ્નિદાહ અપાયો હતો. તેની બાજુમાંજ અશ્રુભીની આંખે અગ્નિદાહ અપાયો. અ.મુ.સદ્. શ્રી નિત્યમુક્તદાસજી સ્વામીને છડી અત્યંત પ્રિય હતી. સોને કી છડી..... તેઓ દરેક પ્રસંગમાં સિંહ ગર્જના અવાજથી છડી પોકારતા. તેમના અગ્નિદાહ દરમિયાન રેકોર્ડ કરેલા તેમનાજ અવાજથી છડી પોકારાઈ હતી. મીડીયા, ચેનલવાળા તથા દિવ્યભાસ્કર, ગુજરાત સમાચાર, સંદેશ, જયહિન્દ, સમય વગેરે રાજકોટથી પ્રસિદ્ધ થતા વર્તમાન પત્રોએ નોંધ લઈ આ પ્રસંગ પ્રસારીત કરેલ. સ.ગુ. શ્રી નિત્યસ્વરૂપસ્વામીએ ઘર સભામાં પણ પ્રસારિત કરેલ.

તા. ૨૩-૨-૨૫ને રવિવારે સવારે પાટડી મુકામે ધામેધામના સંતો તેમજ હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી.

## સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ઉપાસક સિદ્ધ સાંખ્યયોગી ભુજના કાયસ્થ લાધીબાઈ

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ

કચ્છના ભુજ શહેરમાં કાયસ્થ જ્ઞાતિના લાધીબાઈ નામે એક મુક્ત હતા. તેઓ બાળપણમાં જ વિધવા થઈ ગયેલા. તેઓ સાંખ્યયોગીનો ધર્મ પ્રમાણે રહેતા. નિવાસસ્થાન ભુજની કાયસ્થ શેરીમાં હતું. બસો વર્ષ બાદ આજે પણ તે નિવાસસ્થાન યથાવત દર્શનીય છે. લાધીબાઈ, હરિ કૃપાથી શ્રીહરિને અખંડ દેખતા. શ્રીજી મહારાજના નયનોમાં તેઓ અનન્ય વિશ્વાસ શ્રદ્ધા ધરાવતા.

એક સમયે શ્રીહરિ ભુજમાં ગંગારામ મલ્લને ઘેર બિરાજમાન હતા. એ સમયે લાધીબા તથા અન્ય બાઈઓ પણ બેઠેલા. ત્યાં એકાએક શ્રીજી મહારાજે કહ્યું, ''લાધીબા! આ ચૂડી, કંકણ આદિ આભૂષણો તથા સુંદર સાડી પહેરીને ભીડના નાકેથી પાણીનું બેડું ભરી લાવો.'' શ્રીજી મહારાજની આજ્ઞા શીરો માન્ય રાખી. લાધીબાનો આવો સુવાસિનીનો વેશ જોઈ કેટલાક તેમને પૂછવા લાગ્યા, ''લાધી! કોનું ઘર માંડ્યું?'' લાધીબા બે ધડક જવાબ આપતા રહ્યા, ''સ્વામિનારાયણનું!'' લોકલાજ છોડવી સરળ નથી. લોયાના ત્રીજા વચનામૃતમાં મહારાજે લાધીબાઈની પ્રશંસા કરી છે.

લાધીબાને આજીવિકા માટે ભાઈએ નાનું ખેતર આપેલું. તેમાંથી ઉપાર્જન મળતું. ઉદયપુરના મહારાણી ઝમકુબા કે જેમને શ્રીહરિએ સ્વયં ''માતાજી''નું ઉપનામ આપેલું. તેમને લાધીબા સાથે જ રાખ્યા. એક સમયે માતાજીએ લાધીબાને જણાવ્યું કે મારા દિલનો દીવો બુઝાય ત્યારે મને તો તમારા આશ્રયે શ્રીજીએ મોકલી છે. મને મૂકીને તમે જશો? આખરે અંત સમયે જમીન લીંપીને બન્ને જણ સાથે બેસી અને દેહનો ત્યાગ કરી ધામમાં ગયા. બન્નેના અગ્નિ સંસ્કાર પણ સાથે થયા. લોકો આશ્ચર્યચક્તિ થઈ ગયા કહેવા લાગ્યા કે, ''સ્વામિનારાયણ તો ભગવાન છે. પણ એમના ભક્તો પણ ભગવાન જેવા સમર્થ અને સ્વતંત્ર છે.''

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

સંકલન :- કલ્યાણ નારાણ વેકરીયા-બળદીયા

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

| વચનામૃત | આત્મનિષ્ઠા | ભગવાનનું મહાત્મ્ય |
|---|---|---|
| ગ.મ.૧૨ | એક સાધનને વિષે સર્વે સાધન આવી જાય એવું એક બળવાન કલ્યાણનું સાધન કહીએ છીએ જે; જેને પરમપદ પામવા ઈચ્છવું તેને કંઈક પોતાને વિષે પુરષાતન રાખવું પણ છેક નાદાર થઈને બેસવું નહિ ને એમ વિચાર કરવો જે જેમ આ દેહમાં ચાર અંતઃકરણ, દશ ઈન્દ્રિયો પંચ પ્રાણ છે તેમ હું જીવાત્મા છું ને એ સર્વેથી અધિક છું અને એ સર્વેનો નિયંતા છું. પણ એમ ન માનવું જે, હું તો તુચ્છ છું અને અંતઃકરણ-ઈન્દ્રિયો બળવાન છે. માટે નાદારપણું ત્યાગ કરી પુરુષ પ્રયત્ન કરવો. અને જેટલા કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે પુરુષ પ્રયત્નરૂપી સાધન થકી આવે છે. માટે પુરુષ પ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વે સાધન થકી મોટું સાધન છે. | ભગવાનનું મહાત્મ્ય સારી પેઠે જાણી કલ્યાણના જેટલા સાધન છે તે કરવા પુરુષ પ્રયત્ન કરવો. મનને વશ કરવા ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. શ્રોત્ર વશ કરવા કથા સાંભળવી, ત્વચાથી ભગવાન અને ભગવાનના ભક્તનો સ્પર્શ કરવો. નેત્રને વશ કરવા પરમેશ્વર અને તેના દાસ તેનું દર્શન કરવું. જીહ્વાએ કરી ભગવાનનો પ્રસાદ લેવો અને ભગવદ્‌ગુણ ગાવા. અને નાસિકાએ ભગવાનના પ્રસાદિક જે પુષ્પાદિક તેનો સુગંધ લે પણ કુમાર્ગે કોઈ ઈન્દ્રિયોને ચાલવા ન દે. એમ ભગવાન સંબંધી સર્વે ક્રિયા કરે. |
| ગ.મ.૧૩ | આ સંસારને વિષે સારા-પંચવિષય તથા નરસા પંચવિષય તે સમ વર્તે છે. ત્રીલોકીનું રાજ્ય કરવું, ઠીકરું લઈને માગી ખાવું, હાથીને હોંડે બેસવું કે પગપાળા ચાલવું, કોઈ ચંદન-પુષ્પ અને વસ્ત્ર-ઘરેણાં ચડાવે કે ધૂળ નાખે, માન આપે કે અપમાન કરે, સોનું-રૂપું, હીરો કે કચરો તે સમ વર્તે છે. તથા આ હરિભક્ત મોટો છે અને આ નાનો છે એમ નથી જણાતું તેમજ મારે વિષે, સધ્ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય છે તેનો ભાર નથી જણાતો તેનું કારણ એ છે જે, હૃદયાકાશને વિષે તેજ જેને આત્મા કહીએ, બ્રહ્મ કહીએ અક્ષરધામ કહીએ તેને વિષે મુક્તોઓ સહિત ભગવાનની મૂર્તિ ને અખંડ દેખીએ છીએ. (આ મુક્તની સ્થિતિ છે.) | અને એ તેજને વિષે મૂર્તિ છે તેને પરબ્રહ્મ કહીએ, પુરુષોત્તમ કહીએ. તે જ જીવોના કલ્યાણને અર્થે આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી અક્ષરધામના પતિ છે. અને તેમના સંબંધને પામ્યા એવા વસ્ત્ર અલંકાર, વાહન, પરિચર્યાના કરનારા સેવક તથા ખાન-પાન આદિક સર્વે નિગુર્ણ છે. એવા અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન તે સર્વે અવતારના કારણ છે અને તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજ્યો. આ વાતને નિત્ય નવી ને નવી રાખજ્યો અને આ વાતનું બીજ સર્વે વાતમાં લાવજ્યો, ને નિત્ય પ્રત્યે કરજો. આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે. ને અનુભવમાં પણ એમ જ દઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે. |
| ગ.મ.૧૪ | | ગમે તેનો સંગ થાય અને ગમે તેવા શાસ્ત્ર સાંભળે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહિ એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય તેને અમે તદાત્મકપણું કહીએ છીએ અને એને જ નિર્વિકલ્પ સમાધિ કહીએ છીએ (નહી કે નાડી-પ્રાણ ખેંચાઈને સમાધિ થાય તે વ.૧) ને એવી જાતની જેને નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તે સંતનું સ્વરૂપ પણ નિગુર્ણ બ્રહ્મ છે. અને એવા અડગ નિશ્ચય વાળા જે સંત તે નિવૃત્તિ માર્ગ કે પ્રવૃત્તિ માર્ગને વિષે વર્તે તોપણ એનું નિર્ગુણ જ સ્વરૂપ છે. આવું જે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જેને થયું હોય તેની થોડી બુદ્ધિ હોય તોપણ એને મોટી બુદ્ધિવાળો જાણવો. અને આવું ભગવાનના |



જેને સ્વામિનારાયણ મળ્યા તેને આ લોકની મોટપ
તથા આબરૂનું કામ નથી, તેને તો મુક્તનો ખપ કરવા જોઈએ.

ગ.મ.૧૫ ભૂંડા સ્વભાવને વિષે જ્યાં સુધી શત્રુપણું નથી થયું ત્યાં સુધી બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશ પામે નહિ.

ગ.મ.૧૬ પંચવિષય સન્મુખ ઈન્દ્રિયોની જે તીક્ષ્ણતા તેને ટાળ્યાનો શો ઉપાય છે? ઉત્તર : જો ઈન્દ્રિયોને વશ કરીને પરમેશ્વરના બાંધેલ નિયમમાં રાખે તો તીવ્ર વૈરાગ્યે કરીને વિષય જીતાય છે તે થકી પણ નિયમવાળાને વિશેષે વિષય જીતાય છે. જે નિયમમાં વર્તે છે તે આત્મસત્તારૂપે વર્તે છે.

ગ.મ.૧૭ આત્મનિષ્ઠ પુરુષ છે તેને પણ સ્થૂળ, સુક્ષ્મ ને કારણના વિકાર નથી અડતા તો પુરુષોત્તમ ભગવાનને ન અડે એમાં શું કહેવું? ભગવાન તો નિર્વિકારી અને આકાશની પેઠે નિર્લેપ છે.

સ્વરૂપનું જ્ઞાન જેને ન હોય અને સુદ્ધો ત્યાગી હોય અને કામ, ક્રોધ, લોભાદિ ટાળ્યામાં સાવધાન વર્તતો હોય તો એને ટાળ્યા નહિ ટળે અને તેને જો બુદ્ધિ ઝાઝી હોય તો પણ તેને બુદ્ધિહીન જાણવો.

ધર્મ તે ભગવાનની મૂર્તિને જ આશરે રહે છે. તે સારું જે ભગવાનની મૂર્તિઓને વિષે નિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહેજે જ રહે. અને એકલી ધર્મનિષ્ઠા રાખે તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે. અને જે ભગવાનનું મહાત્મ્ય સમજે છે તેને શ્રદ્ધા વૃદ્ધિ પામે છે.

જેમ આકાશ છે તેને વિષે ચાર તત્ત્વ રહ્યા છે તોપણ આકાશને કોઈનો દોષ અડતો નથી. તેમ પરમેશ્વરના સ્વરૂપને પણ માયિક તત્ત્વનો એકેય દોષ અડતો નથી. એવું જે ભગવાનનું સ્વરૂપ તેમાં તત્ત્વ છે કે નહિં એવું ચૂંથણું ભગવાનના ભક્તને કરવું ગમે જ નહિ. ભગવાન તે ભગવાન. એને વિષે ત્યાગ-ભાગ કર્યા નો માગ જ નથી. એ તો અનંત બ્રહ્માંડના આત્મા છે. અને જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતનું ઉત્થાન નથી તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો. સ્થિતપ્રજ્ઞ જાણવો. અને જે પુરુષને ભગવાનને વિષે એવી દઢ મતિ છે તે જ ભગવાનના ભક્તનું મહાત્મ્ય જાણે અને દઢ મતિવાલા ભક્ત હોય તેને ઓળખે પણ ખરા. અને ભગવાનનું સમર્થપણું હોય તેનું ગાન કરે. તેમ જ અસમર્થપણું હોય તેનું પણ ગાન કરે. તેમજ અયોગ્ય ચરિત્ર જણાતું હોય તેનું પણ ગાન કરે. પણ યોગ્ય-અયોગ્ય એવો ઘાટ ઘડે નહિ. એવો જે ભગવાનનો ભક્ત હોય તેને પુરુષોત્તમના સ્વરૂપને વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો. અને જેને એવી પુરુષોત્તમના સ્વરૂપને વિષે દઢ નિષ્ઠા થઈ તેને તેથી ઉપરાંત બીજું કાંઈ સમજવાનું રહ્યું નથી.


ફોર્મ - ૪, **મૂર્તિ માસિક અંગેની વિગત** રૂલ નં. ૮ (૧૯૫૬)

ન્યુઝપેપર રજીસ્ટ્રેશન અન્વયે જાહેરનામું

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : શ્રી અબજીબાપાશ્રીની છત્રી-બળદીયા | ૨. | પ્રકાશન સમય | : દર માસની ૧૧મી તારીખ |
| ૩. | પ્રિન્ટર્સનું નામ | : વિનોદ ગોપાલ પિંડોરીયા | ૪. | પ્રકાશકનું નામ | : કલ્યાણ નારાણ વેકરીયા |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય | | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : સ્વસ્તિક પ્રિન્ટર્સ ભુજ-કચ્છ. | | સરનામું | : શ્રી અબજીબાપાની છત્રી-બળદીયા |
| ૫. | તંત્રીનું નામ | : કલ્યાણ નારાણ વેકરીયા | ૬. | માસિકના માલિક | : શ્રી અબજીબાપાની છત્રી અને હનુમાનજીનું મંદિર ટ્રસ્ટ, |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય | | | |
| | સરનામું | : શ્રી અબજીબાપાની છત્રી-બળદીયા | | | : બળદિયા, તા. ભુજ - કચ્છ. |

હું કલ્યાણ નારાણ વેકરીયા આથી જાહેર કરૂ છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

-સહી : કલ્યાણ નારાણ વેકરીયા




જેવું પ્રત્ય એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું મહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહિ.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન આયોજીત અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈના પ્રાગટ્ય દિન નિમિત્તે સત્સંગ બ્રહ્મયજ્ઞ

**તારીખ ૧૬/૨/૨૦૨૫ રવિવાર સવારનું સત્ર સવારે ૮:૦૦ કલાકે**

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનમાં ટ્રસ્ટી મંડળ તથા ઉપસ્થિત હરિભક્ત ભાઈ-બહેનોએ આરતીનો લાભ લીધો. સવારે ૯:૦૦ કલાકે સત્સંગ બ્રહ્મયજ્ઞ સ્થળે મંચસ્થ બ્રહ્મનિષ્ઠ સંતો તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન ટ્રસ્ટી મંડળ તથા અબજીબાપાશ્રીની છત્રી (બળદિયા, કચ્છ) સંસ્થાના પ્રમુખશ્રી અ. મુ. શ્રી ગોવિંદબાપા તથા મિશન પરિવારના હરિભક્ત ભાઈ-બહેનો દ્વારા આરતી કરી બ્રહ્મયજ્ઞનો પ્રારંભ કર્યો.

ભક્તિરસથી તરબોળ પ્રભાતિયું ''વહેલી રે ઊઠીને વાલાજીનું વદન નિહાળું'' અ. મુ. શ્રી રુદ્રભાઈ જોયભાઈ વકીલે ખુબ સુંદર સ્વરે રજૂ કર્યું.

**સભા સંચાલક અ. મુ. શ્રી સંદીપભાઈ શાંતિલાલ મહેતા**

આપણને સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે જોડનાર અને અનાદિમુક્તની છેલ્લી સ્થિતિ કરાવનાર એવા આપણા સૌના પ્રાતઃસ્મરણીય ગુરુવર્ય અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈનો પ્રાગટ્ય દિન. પૂજ્યશ્રી નારાયણભાઈનું સમગ્ર જીવન ખૂબ જ સાદુ છતાં સતત ભગવાનના સ્વરૂપ સાથે જોડાયેલું જીવન. કેવળ શ્રીજીમહારાજમય દિવ્ય સ્વરૂપ એટલે પૂજ્યશ્રી નારાયણભાઈ. શ્રીજીમહારાજની સાક્ષાત દિવ્યતા એટલે પૂજ્યશ્રી નારાયણભાઈ.

**સદગુરુ શાસ્ત્રી શ્રી શ્રીજી સ્વામી (શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદલોડિયા)**

પૂજ્યશ્રી નારાયણમામા અમૃત સરિતામાં કહે છે કે, મહારાજ તો એમ કહે છે કે, મારી પ્રાગટ્ય તિથિ સૌ કોઈ ઉજવે પણ મારા અનાદિમુક્તની પ્રાગટ્ય તિથિ જો ઉજવે ત્યારે મારી ખરી મહાનતાની ખબર પડે છે. ''સંત તે મારી મૂર્તિ રે એમાં ફેર નહિ એક રતી રે..'' કેટલું બધું મહારાજે કહી નાખ્યું છે. શ્રીજીમહારાજના અનાદિમુક્તની પ્રાગટ્ય તિથિ ઉજવવાથી શ્રીજીમહારાજ ખૂબ રાજી થાય છે.

**સદગુરુશાસ્ત્રી શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી જેતપુર**

સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલાવીને વાતાવરણમાં અલૌકિક દિવ્યતા પ્રસરાવી દીધી. સાક્ષાત દિવ્યતા એક ઝલક પુસ્તકમાંથી કીર્તન ''સહજાનંદ સુખદાયી ભજમન સહજાનંદ સુખદાયી'' પૂજ્યશ્રી નારાયણભાઈના પ્રાગટ્ય દિનની ઉજવણીના ભાગરૂપે સદગુરુ શ્રી નીલકંઠ ચરણદાસજી સ્વામી રચિત અદભૂત સનેડો... અનાદિમુક્ત શ્રીજીમહારાજના છે, નારાયણભાઈ એમનું નામ, સંવત ૧૯૭૮ના પ્રગટ્યા, કરવા અનેકના કામ લાલ સનેડો.... આ દિવ્ય સનેડાથી વાતાવરણમાં અનેરો ઉત્સાહ અને આનંદ વ્યાપી ગયો. હરિભક્ત ભાઈ-બહેનો આ સનેડાના તાલે ખૂબ રમ્યા. પૂજ્ય શ્રી નારાયણભાઈ પ્રાગટ્ય આરતી સમય સવારે ૧૦:૪૬ કલાકે ઉપસ્થિત મંચસ્થ બ્રહ્મનિષ્ઠ સંતો પાર્ષદો તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સંસ્થાના ટ્રસ્ટી મંડળ તથા અબજીબાપાશ્રી છત્રી (બળદિયા, કચ્છ) સંસ્થાના પ્રમુખશ્રી ગોવિંદબાપા તથા ઉપસ્થિત દરેક હરિભક્તો ભાઈ-બહેનોએ સમૂહમાં પ્રાગટ્ય આરતીનો લાભ લીધો. ત્યારબાદ સદગુરુ શાસ્ત્રી શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીએ સદગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની ચોપાઈ સહજાનંદ સહજાનંદ ગાય રે, તે તો અક્ષરધામમાં જાય રે.... અમૃત સરિતા ભાગ ૧ વાત ૩ પૂજ્યશ્રી નારાયણમામા કહે છે, મહારાજની મૂર્તિની વાતો થતી હોય તેનું નામ કારણ સત્સંગ અને જે સત્સંગમાં મહારાજની મૂર્તિની વાત ન આવે તે કાર્ય સત્સંગ. શ્રીજીમહારાજ અને શ્રીજીમહારાજ સમકાલીન મહાન સંતો તથા હરિભક્તોના દિવ્ય ચરિત્રો તથા કીર્તનો દ્વારા ભક્તિરસથી સમગ્ર સત્સંગ સભાને શ્રીજીમહારાજની મૂર્તિમાં તરબોળ કરી દીધા.

**સભા સંચાલક અ. મુ. શ્રી સંદીપભાઈ શાંતિલાલ મહેતા**

અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈના પ્રાગટ્ય દિન મહોત્સવ નિમિત્તે આપણે શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન તરફથી સાત કીર્તનોના આલ્બમ એટલે કે ૭૦ કીર્તનો આ વર્ષે પ્રસ્તુત કરી રહ્યા છીએ. તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન પ્રકાશિત કીર્તન માધુરી જે ત્રણ ભાગમાં છે, તેના પહેલા અને બીજા ભાગનું ઓડિયો વર્ઝન પણ પ્રકાશિત કરી રહ્યા છીએ. એ બધાનું વિમોચન ઉપસ્થિત સર્વે બ્રહ્મનિષ્ઠ સંતોના તથા અગ્રગણ્ય હરિભક્તોના વરદ હસ્તે કરવામાં આવ્યું. શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની બે YouTube ચેનલ ઉપર આ બધા જ કીર્તનો મૂકવામાં આવી રહ્યા છે.

**અ. મુ. શ્રી જગદીશભાઈ પુરુષોત્તમભાઈ ઠક્કર**

મેમનગર ગુરુકુળથી સદગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી અત્રે પધાર્યા છે. પૂજ્ય મામાશ્રી પાસે સદગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદગુરુ શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી મામાશ્રી પાસે અવારનવાર આવતા. તેઓને મામાશ્રી સાથે ખૂબ આત્મીયતા. અમે મિશનના પ્રસંગ માટે નિમંત્રણ આપવા તેમની પાસે જઈએ ત્યારે તેઓ મામાશ્રીના દિવ્ય સંસ્મરણો અવશ્ય રજૂ કરે. સદગુરુ શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી હંમેશા એમ કહે કે, શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન અને મેમનગર ગુરુકુળ સંસ્થા એ એક જ સંસ્થા છે

એવું અમે માનીએ છીએ. સદગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદગુરુ શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી મિશનના દરેક નાના મોટા પ્રસંગોમાં ખૂબ મદદરૂપ થાય છે અને અચૂક હાજરી પણ આપે છે એટલે આપણે તેમનો જેટલો પણ આભાર માનીએ તેટલો ઓછો છે.

**સદગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી મેમનગર ગુરુકુળ**

પૂજ્ય મામાશ્રી મારા અને હું મામાનો એમ કહું તો એ જરાય ખોટું નથી. એસ.જી.વી.પી. સંસ્થાના સ્વપ્ન દ્રષ્ટા જો કોઈ હોય તો તે પૂજ્યશ્રી નારાયણમામા અને સદગુરુ શ્રી જોગી સ્વામી. મામાશ્રીએ શિલાન્યાસ વખતે કહ્યું હતું કે, આ સંસ્થાને હું વિશ્વ કક્ષાની થતા જોઈ રહ્યો છું તે વાતનો હું સાક્ષી છું.

**સદગુરુ શાસ્ત્રી શ્રી ધર્મનંદનદાસજી સ્વામી છારોડી ગુરુકુળ**

હાલમાં અમારા સદગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામી ગગધ દ્વારા આયોજિત વિશ્વ ધર્મ સંમેલનમાં ભાગ લેવા માટે બેંકોક ગયા છે. તેઓ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તરફથી ભાગ લઈ રહ્યા છે. મામાશ્રીએ ૩૦ વર્ષ પહેલા એસ.જી.વી.પી. ગુરુકુળના ખાતમુર્હુત વખતે આશીર્વાદ આપ્યા હતા તેને હું તાદ્રશ્ય તથા જોઈ રહ્યો છું. શ્રીજીમહારાજના અનાદિમુક્તો સર્વ કર્તાહર્તા શ્રીજીમહારાજને જ જાણે છે.

**સદગુરુશાસ્ત્રી શ્રી હરિવલ્લભદાસજી સ્વામી હરિદ્વાર**

સર્વે પ્રકારે ભગવાન અને ભગવાનના ભક્તો સાથે જોડાઈને રહેવું એ જ સર્વોત્તમ વાત છે. શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સંસ્થા દ્વારા ઉત્તરાખંડમાં અવાર-નવાર પુસ્તકોનું વિતરણ, ધાબળા-કંબલોનું વિતરણ, સ્કૂલોમાં બાળકોને પુસ્તક તથા સ્કૂલબેગનું વિતરણ આવા અનેક સેવા કાર્યો કરી રહ્યું છે.

**સદગુરુપુરાણી શ્રી મહાત્મા સ્વામી સુરેન્દ્રનગર**

અમારા ગુરુ જ્યારે મામાશ્રીને અમદાવાદ મળવા જતા ત્યારે અમને બહાર બેસાડતા. અને મામાશ્રી સાથે કલાકો સુધી સત્સંગ કરતા. જ્યારે તેઓ બહાર આવતા ત્યારે અમારા ગુરુ મામાશ્રીને કહેતા કે આ સંતના માથે હાથ મૂકી આશીર્વાદ આપો. ત્યારે મામાશ્રી અમારા માથે બંને હાથ મૂકીને આશીર્વાદ આપતા તે આશીર્વાદથી આજે અમે અહીંયા ઉપસ્થિત છીએ.

**સદગુરુશ્રી શ્રીરંગદાસજી સ્વામી વડોદરા**

શ્રીજીમહારાજનો આ પૃથ્વી પર પ્રગટ થવાનું મુખ્ય કારણ પોતાના સ્વરૂપમાં જોડવાનું હતું. ત્યારબાદ ગોપાળાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા અનેક મહાસમર્થ સંતો અને અનાદિ મહામુક્તરાજ પૂજ્ય શ્રી અબજીબાપાશ્રી, અનાદિ મુક્તરાજ પૂજ્ય શ્રી સોમચંદબાપા તથા અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણમામા જેવા મહા સમર્થ મુક્તો દ્વારા એ જ કાર્ય કરાવ્યું. સૌ કોઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડવાનું જે સર્વોત્તમ સેવા કાર્ય આપણે કરી શકીએ એવી પ્રાર્થના.

**બપોરનું સત્ર**

પ્રેમાનંદ સ્વામી રચિત અલૌકિક કાવ્ય રચના ''તોરા મોરા જીયરા એક ઘનશ્યામ પ્યારે... તોરા મોરા જીયરા એક...'' અ. મુ. શ્રી રુદ્રભાઈ જોયભાઈ વકીલ દ્વારા રજુ કરવામાં આવ્યું.

**અ. મુ. શ્રી ચિંતનભાઈ કાશીરામભાઈ પટેલ અમદાવાદ**

આ જગતમાં અનાદિમુક્તના આશીર્વાદ અને કૃપાથી લાભદાયક બીજી કોઈ વસ્તુ નથી. કારણ કે, તેઓ શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ જોડાયેલા હોય છે. અને તેમના આશીર્વાદ અને કૃપાથી અનેક જીવોને શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં જોડી દે છે.

**અ. મુ. શ્રી રાજભાઈ આદિત્યભાઈ સોમૈયા મુંબઈ**

આજે પૂજ્યશ્રી નારાયણમામાના જન્મ દિવસે આપણે બધા શ્રીજીમહારાજનો ખુબ ખુબ આભાર માનીએ કે, આપણી હયાતીમાં તેમણે પૂજ્યશ્રી નારાયણમામા જેવા અદભુત અનાદિ મુક્તરાજને પ્રગટ કર્યા. આપણા અતિ મોટા ભાગ્ય કે મામાશ્રીને આપણે ઓળખ્યા. તેમના આશીર્વાદ મેળવ્યા. શ્રીજીમહારાજ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી તથા અનાદિ મુક્તરાજ નારાયણભાઈ જેવા અનેક મહાન સંતો અને હરિભક્તોનો એક જ સિદ્ધાંત હતો કે, શ્રીજીમહારાજની મૂર્તિ સર્વે જીવોને સરળતાથી આપવી. આ સૌથી કઠણ કાર્ય તેઓએ ખૂબ સરળતાથી આપણને સૌને આપી દીધું. પૂજ્ય મામાશ્રીએ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી શાર્ધશતાબ્દી મહોત્સવમાં છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા. તો આપણે એ આશીર્વાદમાં પૂર્ણ શ્રદ્ધા રાખી અને પૂર્ણ વિશ્વાસ રાખીએ કારણ કે, મામાશ્રી દ્વારા શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ જ એ આશીર્વાદ આપ્યા છે તો આમાં લેશમાત્ર પણ ડાઉટ રાખવો નહિ.

**અ. મુ. શ્રી દર્શનભાઈ મનસુખભાઈ પાંચોટિયા અમદાવાદ**

શ્રીજીમહારાજ, બાપાશ્રી અને મામાશ્રીએ આપણે બધાને સિલેક્ટ કરીને એમના દિવ્ય આશીર્વાદ આપ્યા છે. પૂજ્ય મામાશ્રીના આ પ્રાગટ્યદીને આપણે સૌ શ્રીજીમહારાજ, અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી, અનાદિ મુક્તરાજ નારાયણમામા તથા વાત્સલ્યમૂર્તિ અનાદિમુક્તશ્રી લીલામાસીને અને આ દિવ્ય સંતો મુક્તોને રાજી કરવા માટે ભેગા થયા છીએ.

**અ. મુ. શ્રી ડોક્ટર સૂર્યકાંતભાઈ વિનુભાઈ પટેલ અમદાવાદ**

મામાશ્રી કહે છે શ્રેષ્ઠજ્ઞાન એ અનુભવજ્ઞાન. પૂજ્ય મામાશ્રીએ સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે? તે આપણને સમજાવ્યું. શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવ જાતના શ્રેય અને પ્રેય માટે. શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન કોઈપણ પ્રકારના ભેદભાવ વિના

૧ સેવા સદાવ્રત

૨ આરોગ્ય પ્રસાર માટે સારવાર કેન્દ્રો ઔષધાલયોનું સંચાલન કરવું.

૩ પ્રાથમિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતા મંદિરો સદપુરુષોના સ્મારકો વગેરેનો નિભાવ અને વિકાસ તથા નિર્માણ કાર્ય.

૪ જીવન ઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસ કાર્યને ઉત્તેજન આપવું

૫ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્રનું સંચાલન એવમ નિર્માણ કરવું.

૬ સર્વ સમન્વય સધાય એવા સંસ્કારીક અને તત્વજ્ઞાન વિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવા અને તે વડે જનસમુદાયનો ઉધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું.

આમ શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની સર્વજીવહિતાવહ પ્રવૃત્તિમાં આપણે સૌ સહભાગી થઈએ અને જે પણ જીવો આનો લાભ લે છે તે જીવનું પણ આંતરિક વિકાસ થાય છે. આમ સંસ્થામાં જે લોકો સેવા કરે છે અને જે લોકો સેવાનો લાભ લે છે એ બંને ઉપર શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા મામાશ્રીનો ખૂબ રાજીપો અને આશીર્વાદ મળે છે. તો આપણે સૌ વધુને વધુ મિશનના આ સેવા કાર્યમાં જોડાઈએ અને અનેક જીવોને તેનો લાભ અપાવી શકીએ એવી શ્રીજીમહારાજના ચરણોમાં પ્રાર્થના

**<u>અ. મુ. શ્રી રાજેન્દ્રભાઈ રમણભાઈ પટેલ અમદાવાદ</u>**

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનમાં દર રવિવારે બાલ સભા તથા બાલિકા સભાનું આયોજન કરવામાં આવે છે. તેમાં મારો દીકરો અને દીકરી બંને તે સભાનો લાભ લે છે. તેનાથી તેમના જીવનમાં ખૂબ સારા સંસ્કારોનું સિંચન થાય છે. જેમ કે સવારે ઊઠી સૌપ્રથમ ભગવાન અને મા-બાપને પગે લાગવું, જય સ્વામિનારાયણ કરવા, કોઈપણ વસ્તુ ભગવાનને ધરાવીને જ ઉપયોગમાં લેવી. આવા ઘણા બધા અગત્યના સંસ્કાર તથા ગુણોનું સિંચન થઈ રહ્યું છે. મારી આ સભાના મંચ ઉપરથી આપ સર્વે હરિભક્ત ભાઈ-બહેનોને નમ્ર વિનંતી કે, આપણા બાળકોને મિશનની ઘર સભામાં જરૂર મોકલીએ.

**<u>અ. મુ. શ્રી વિપુલભાઈ જગદીશભાઈ પટેલ અમદાવાદ</u>**

આજે સવારથી જ બધાના ચહેરા પર દિવ્યાનંદ વર્તાઈ રહ્યો છે તેનું કારણ અનાદિ મુક્તરાજ પૂજ્ય શ્રી નારાયણમામાનો પ્રાગટ્ય દિન આ એમનો પ્રભાવ છે. દરેકે દરેક સેવા વિભાગમાં નાના મોટા સર્વે સેવકો પોતાને મળેલી સેવાનો આનંદ લઈ રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં સર્વત્ર આનંદ જ આનંદ વર્તાઈ રહ્યો છે. પૂજ્ય મામાશ્રી કહે છે કે, મહારાજ પોતાના અનાદિમુક્તના પ્રસંગની ઉજવણી થતી હોય તેમાં વિશેષ સુખ અને કૃપાની લાહણી કરે છે. મામાશ્રીના પ્રાગટ્ય દિને તેમના ગુણાનુવાદ કરવા આપણે સૌ એકત્ર થયા છીએ. મામાશ્રીએ આપણને ડિવાઇન મિશનરૂપી સર્વોત્તમ ભેટ આપી. મામાશ્રીએ શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનના પાયામાં શ્રીજીમહારાજનો સમાસકારી સિદ્ધાંત મૂક્યો છે. સમાસકારી સિદ્ધાંતનો એક દાખલો આપું. આપણા પ્રસંગોમાં આપણે ફ્લેક્સ લગાવીએ છીએ. તેનું કામ કરતા હોય એવા એક ભાઈ જેને આપણે ઓળખતા ન હતા તે અનાયાસે મળ્યા. તેમનું સારું કામ જોઈ આપણે તેમને ફ્લેક્સ બનાવવાનું કામ સોપ્યું. જ્યારે આપણે તે સામાનની ડીલેવરી લેવા ગયા, ત્યારે તેમને તેના રૂપિયા લેવાની ના પાડી અને કહ્યું કે, મે મારા છોકરાઓને ડિવાઇન મિશનના નોટબુકના ચોપડા દર વર્ષે લાવી આપીને અમે મોટા કર્યા છે. એટલે રાહત દરે અને સારી ક્વોલિટીના ચોપડાનો લાભ અમે લીધો છે. એ ભાઈ સત્સંગી નથી છતાં પણ એને શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સાથે કેટલું સમાસપણું થઈ ગયું. તો આ એકપણું સહેજે થાય છે તેનું કારણ નારાયણમામાએ સમાસકારી નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા શીખવ્યું તે છે. નિઃસ્વાર્થ ભાવે કરેલી સેવા એ બેમાંથી એક કરી નાખે છે. પૂજ્ય મામાશ્રીએ ડિવાઇન મિશનની એક એક પ્રવૃત્તિ એવી કરી કે સર્વેને સમાસ કરી એકપણું આવ્યા વગર રહે નહિ.

**<u>અ. મુ. શ્રી જયેન્દ્રભાઈ પુરુષોત્તમભાઈ પટેલ અમદાવાદ</u>**

મામાશ્રીએ ડિવાઇન મિશનની સ્થાપના કરી આપણી ઉપર કેટલો બધો ઉપકાર કર્યો. આ ડિવાઇન મિશનને સાચવવાનું અને તેના કાર્યોને આગળ વધારવાની જવાબદારી આપણા સૌની છે. એ ડિવાઇન મિશનના સેવા કાર્યમાં વધારે ને વધારે લોકો જોડાય. અને તેમને શ્રીજીમહારાજ, અબજીબાપાશ્રી, મામાશ્રીની ઓળખાણ થાય. એ સેવા કરવાથી શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તો અને સંતોનો આપણને રાજીપો મળે.

**<u>સદગુરુશ્રી રામ સ્વામી ગાંધીનગર ગુરુકુળ</u>**

નારાયણમામા પાસે કોઈપણ નાના-મોટા સંતો હરિભક્તો આવતા ત્યારે યથાશક્તિ તેમની સેવા કરી સંતોષ પમાડતા. એમનામાં એ ગુણ હતો. એ ગુણ આપણામાં આવવો જોઈએ. પ્રાગટ્ય દિન ઉજવવા માટેનો હેતુ એ હોય છે કે, એમના ગુણોને સંભારીએ અને એમના ગુણો આપણામાં આવે એવી તજવીજ કરીએ. સ્વામિનારાયણ ભગવાન એમ કહે છે કે, જો તમારે અક્ષરધામ જોઈતું હોય અને મુક્ત થવું હોય તો શું કરવું જોઈએ. વચનામૃતમાં શ્રીજીમહારાજે તેના માટે ચાર બાબતો કીધી છે સૌપ્રથમ સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય અને શ્રદ્ધા સહિત અને મહિમાએ સહિત ભગવાનની ભક્તિ. આ ચાર દ્રઢ થશે તો મુક્તિ મળેશે એમ

વચનામૃતમાં કહ્યું છે. આ ચારમાંથી એક પણ નહિ હોય તો નહિ ચાલે. આ ચારેય અનાદિમુક્તના આવા બ્રહ્મયજ્ઞમાં પ્રાપ્ત થાય છે તેના માટે આવા દિવ્ય પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે.

**સદગુરુશાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાસદાસજી સ્વામી મૂળી**

મામાશ્રી કહે, શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તની સેવામાં કે કોઈપણ રીતે તેમની નજરે ચડી ગયા એ બધા અક્ષરધામમાં પહોંચવાના જ છે. એક જન્મે કે બે જન્મે એ અક્ષરધામમાં પહોંચવાના તે નક્કી જ છે. તો અત્યારથી દરેકમાં દિવ્ય ભાવ લાવવો. મામાશ્રીએ કહ્યું કે, મોટા મુક્તનો પ્રાગટ્ય દિન અને અંતર્ધાન દીન બંને એક જ છે. શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી અને મૂર્તિમાં રાખ્યો છે મહારાજ જ છે. આ મંત્રનો અખંડ જાપ થવો જોઈએ. એક વખત જાદવજીબાપા પાસે નારણમામા અને લીલામાસી ઉભા હતા. અને જાદવજીબાપા ખુરશીમાં બેઠા હતા. ત્યારે કોઈ કે પ્રશ્ન પૂછ્યો કે, બાપા અત્યારે કોઈ પ્રગટ ભગવાનને મળેલા કોઈ પુરુષ છે? ત્યારે જાદવજી બાપાએ કહ્યું કે, આ ઉભા એ જ પ્રગટ મહારાજને મળેલા છે. આમ મોટા મોટાનો અરસપરસ એક બીજાનો મહિમા જણાવે છે.

**સદગુરુશ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી શાંતીગ્રામ રાજકોટ ગુરુકુળ**

ભગવાનના સ્વરૂપમાં મગ્ન રહેવું એક આદર્શ એ નારાયણમામા હતા. બધા યુવાનનોએ અહીંયા આવી અને ખુબ સરસ વાતો કરી તેનો મને ખૂબ આનંદ થયો. આ વારસો જાળવી રાખવો એ બહુ જરૂરી છે. મામાશ્રી ગુણાતીત પુરુષ હતા. તેમને મળીએ એટલે સહેજે સંકલ્પો શાંત થાય. મહારાજ અને મુક્તોને જુદા પાડી શકાતા નથી. ભગવાનમાં જોડવાનો મહાપુરુષોનો ધ્યેય હોય છે. શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા જે જે સેવા પ્રવૃત્તિ ચાલે છે આ સેવા પ્રવૃત્તિના માધ્યમથી મુમુક્ષોને સમાસ થાય.

**સભા સંચાલક અ. મુ. શ્રી સંદીપભાઈ શાંતિલાલ મહેતા**

પૂજ્ય મામા માસીનું જીવન ખૂબ જ દિવ્ય અને ભવ્ય હતું. ભવ્યતા પવિત્રતામાં છે, સાધુતામાં છે અને મહારાજ સાથેના જોડાણથી તેમના જીવનની ભવ્યતા હતી. પૂજ્ય મામાશ્રીનું શ્રીજીમહારાજ સાથે એવું જોડાણ હતું કે જે પણ મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પાસે ઊભા રહે, એ ઘનશ્યામ મહારાજની મૂર્તિમાંથી ભગવાન પોતે પ્રત્યક્ષ પણે તેમની સાથે વાત કરતા અને પ્રત્યક્ષ પણે વર્તતા. આવી અદભુત સ્થિતિ ધરાવતા પૂજ્યશ્રી નારાયણમામાનો આજે પ્રાગટ્ય દિન છે.

**સદગુરુશ્રી હરિપ્રસાદદાસજી સ્વામી ઘેલા કાંઠે ગઢપુર**

કથાના માધ્યમથી સત્સંગમાં સર્વે હરિભક્તોએ જરૂર જોડાવું જોઈએ. આવા સત્સંગ બ્રહ્મયજ્ઞથી સમાજમાં સેવાની વૃદ્ધિ થાય. આ સ્વામિનારાયણ ડિવાઇન મિશન સર્વજીવહિતાવહનો સંદેશ લઈ ઘણા બધા સેવાના કાર્યો કરે છે. મહારાજનો સેવાનો જે સિદ્ધાંત છે તેને આપ સહુ સાર્થક કરી રહ્યા છો. નારાયણમામાના પ્રાગટ્ય દિને સૌ એવો સંકલ્પ કરો, હાલમાં જે પણ કાંઈ સમાજસેવા થાય છે તે અવિરત થતી રહે. અને જ્યાં સુધી આ સમાજ સેવાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને સેવા કરતા રહેશો તો શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનો વિકાસ દિવસ દિવસ પ્રત્યે આગળ વધતો રહેશે. તેનો વિકાસ ખૂબ થશે એમાં મીનમેખ નથી.

**સભા સંચાલક અ. મુ. શ્રી સંદીપભાઈ શાંતિલાલ મહેતા**

સદગુરુ શ્રી નિત્યમુક્તદાસજી સ્વામી પાટડી મુકામે ગઈકાલે દેહ ત્યાગ કરી ગયા. જેમણે અબજીબાપાશ્રીનો ખૂબ જોગ સમાગમ કરી સેવ્યા છે. અને જેમણે અનેક જીવોને સુખિયા કર્યા છે. એવા બાપાશ્રીના કૃપાપાત્ર એવા સદગુરુ શ્રી મુનિસ્વામીના શિષ્ય એટલે સદગુરુ નિત્યમુક્તદાસજી સ્વામી. કારણ સત્સંગની અને બાપાશ્રીના જ્ઞાનની જેવી છે તેવી સમજણ પોતાને તો દ્રઢ હતી, પણ બીજાને પણ દ્રઢ કરાવતા તેવા સદગુરુ માટે આપણે બે મિનિટ ધૂન કરીશું. મહારાજ અને બાપાશ્રી તેમને વધુને વધુ મૂર્તિનું સુખ આપે અને એમના જેવું કારણ સત્સંગનું બળ આપણને આપે એવી પ્રાર્થના કરીએ.

**અ. મુ. શ્રી ગોવિંદબાપા તીર્થધામ અબજીબાપાશ્રીની છત્રી, બળદિયા, કચ્છ**

સદગુરુ શ્રી મુનીસ્વામીનો મંદવાડ હતો ત્યારે મામાશ્રીએ મુની સ્વામીની ખૂબ સેવા કરી હતી. મામાશ્રી વહેલા ઉઠી તૈયાર થઈ જાય, મુની સ્વામી માટે ગરમ પાણી કરી રાખતા. મુની સ્વામી કહે આ બીજા હરિભક્તોને સેવા આપતા હોય તો સારું. મામાશ્રી કહે કે, આ સેવાથી બીજાને પ્રેરણા મળે છે. મામાશ્રી જ્યારે છત્રીએ પધારે ત્યારે જાદવજીબાપા અને મામાશ્રી અરસપરસ દંડવત કરીને મળે. મામાશ્રીએ સત્સંગમાં બાપાશ્રીને જેવા છે તેવા ઓળખાવા માટે ખૂબ મહેનત કરી. મારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે એવું સતત મનન કરવું. ક્યારેય પણ દેહભાવ આવા દેવો નહિ. કોઈ સંતપુરુષ કે મોટા પુરુષનો મન વચને કરીને ક્યારેય અપરાધ ન થાય એ આપણે ખ્યાલ રાખવો જોઈએ. અને દિવસે દિવસે દાસપણું વધતું રહે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**સભા સંચાલક અ. મુ. શ્રી સંદીપભાઈ શાંતિલાલ મહેતા**

પરમ પૂજ્ય શ્રી નારાયણમામાનો પ્રાગટ્ય દિનનો આજનો પ્રસંગ તેમાં બ્રહ્મનિષ્ઠ મોટા મોટા સદગુરુઓ, ઉપસ્થિત સંતો, સૌ હરિભક્ત ભાઈ બહેનો, સેવકો, સૌ દાતાશ્રીઓ જેમણે નાની મોટી સેવા કરી છે, એ સૌનો મિશન પરિવાર ખૂબ હૃદય પર પૂર્વક આભાર માને છે. અને ખાસ કરીને સંતોને વિનંતી કરે છે જેમ અવાર-નવાર પધારીને અમને પોષણ આપો છો, અમારી દેખરેખ રાખો છો, એવી માવતર તરીકે અમારી દેખરેખ રાખતા રહેજો.

પૂજ્ય શ્રી નારાયણમામાની ઓડિયો સ્વરૂપે અમૃતવાણીનો લાભ લીધો. ત્યારબાદ આરતી કરી સત્સંગ બ્રહ્મયજ્ઞની પુર્ણાહુતિ થઈ.


માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક, શત્રુ-મિત્ર એ સર્વ સરખું થઈ જાય એવી આત્મા નિષ્ઠા દ્રઢ કરવી.

# કેળવણી

## પ્રાર્થના કાર્યક્રમમાં ગણિત અને વિજ્ઞાન પ્રવૃત્તિનું આયોજન

શ્રી ઘનશ્યામ એકેડમી બળદિયા મધ્યે પ્રાર્થના કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ ગણિત અને વિજ્ઞાન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં તારીખ ૨૩-૧૨-૨૪ના રોજ શાળાના શિક્ષિકા મયુરી હિરાણી દ્વારા ધોરણ ૫ના વિદ્યાર્થીઓને ટોરનાડો ઈન બોટલનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શિક્ષિકા નિરાલીબા સરવૈયા દ્વારા ધોરણ ૭ના વિદ્યાર્થીઓને તારીખ ૨૪-૧૨-૨૪ના રોજ ઈલેક્ટ્રીક સર્કીટનો પ્રયોગ કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તારીખ ૨૬-૧૨-૨૪ના રોજ શાળાના શિક્ષક વિશ્વ બુદ્ધભટ્ટીના માર્ગદર્શન હેઠળ ધોરણ ૮ના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ પ્રકારના ચતુષ્કોણના પ્રકારો સમજાવવામાં આવ્યા હતા. તેમજ બધા જ પ્રકારના ચતુષ્કોણની પરિમિતિ તથા ક્ષેત્રફળ સૂત્રો વિશે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત તારીખ ૨૭-૧૨-૨૪ના રોજ ધોરણ ૬ના વિદ્યાર્થીઓ દ્વારા અપૂર્ણાંકના પ્રકારો ચાર્ટ પેપરમાં દોરેલ ચિત્ર દ્વારા સમજાવવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિનો હેતુ શાળાના વિદ્યાર્થીઓ અલગ અલગ પ્રકારના આકારો વિશે માહિતી મેળવે અને અપૂર્ણાંકો વિશે જાણકારી મેળવે તેવો રહ્યો હતો. ગણિત અને વિજ્ઞાન પ્રવૃત્તિનો મુખ્ય હેતુ એ હતો કે વિદ્યાર્થીઓને વ્યવહારિક જ્ઞાન મળે અને પ્રાયોગિક જ્ઞાન મળે.

## ડિબેટ સ્પર્ધા

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમીમાં તારીખ ૨૮-૧૨-૨૪ શનિવારના શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ ડિબેટ સ્પર્ધાનું આયોજન જીનિયસ હાઉસ દ્વારા કરવામાં આવ્યું હતું. જીનિયસ હાઉસના હેડ શ્રીમતી અર્ચનાબેન જોષીએ પોતાના સાથી શિક્ષકો ગાર્ગીબેન જોષી, શ્રીમતી હેતલબેન ભુડિયા, શ્રીમતી કોમલબેન વાઘેલા અને નિરાલીબા સરવૈયા સાથે ડિબેટ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ ડિબેટ સ્પર્ધાનું સંપૂર્ણ સંચાલન શાળાના શિક્ષિકા નિરાલીબા સરવૈયાએ કર્યું હતું.

આ ડિબેટ સ્પર્ધા બે વિષય ઉપર કરવામાં આવી હતી.

૧ મોબાઈલના ફાયદા અને મોબાઈલના ગેરફાયદા

૨ જંક ફૂડ અને હેલ્ધી ફૂડ

જેમાં મોબાઈલના ફાયદા જીનિયસ હાઉસ દ્વારા બોલવામાં આવ્યા હતા અને મોબાઈલના ગેરફાયદા નોલેજ હાઉસ દ્વારા બોલવામાં આવ્યા હતા અને જંક ફૂડ વિશે ઈન્ટેલિજન હાઉસના વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા અને હેલ્ધી ફૂડ વિશે એક્સેલેન્સ હાઉસના વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ડિબેટ સ્પર્ધામાં શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષી અને શ્રી દેવરાજ ચૌચેટાએ નિર્ણાયકની ભૂમિકા ભજવી પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો હતો. મોબાઈલનો સમજદારી પૂર્વક ઉપયોગ કરી મોબાઈલના ફાયદા અને ગેરફાયદા વિશે વિદ્યાર્થીઓ સમજ મેળવે એ હેતુથી આ વિષય પર જીનિયસ હાઉસ અને નોલેજ હાઉસ વચ્ચે સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં જીનિયસ હાઉસના બાળકોએ મોબાઈલના ફાયદાના ઠોસ મુદ્દા રજૂ કરીને આ ડિબેટ સ્પર્ધામાં જીત હાંસલ કરી હતી.

અત્યારની ફાસ્ટ જીવનશૈલીમાં ફાસ્ટ ફૂડનો ઉપયોગ સમજદારી પૂર્વક કરે અને હેલ્ધી ફૂડથી માહિતગાર થાય તે હેતુથી આ વિષય પર ઈન્ટેલિજન હાઉસ અને એક્સેલેન્સ હાઉસ વચ્ચે સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં એક્સેલેન્સ હાઉસના બાળકોએ હેલ્ધી ફૂડના ફાયદાના ઠોસ મુદ્દા રજૂ કરીને આ ડિબેટ સ્પર્ધામાં જીત હાંસલ કરી હતી. કાર્યક્રમના અંતમાં શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીએ પોતાના મંતવ્યો રજૂ કરેલ હતા.

## માતૃભાષા ગૌરવદિનની ઉજવણીનો અહેવાલ

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તારીખ ૨૧/૨/૨૦૨૫ને શુક્રવારના રોજ શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ આપણી માતૃભાષા ગુજરાતીનું મહત્ત્વ સમજાય તે હેતુથી માતૃભાષા ગૌરવદિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કોમલબેન પટેલે કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોમલબેને દિવસે દિવસે માતૃભાષાનું મહત્ત્વ ઘટતું જાય છે. તેનું એક દ્રષ્ટાંત આપ્યું હતું અને તેનું મહત્ત્વ જળવાય તેવા પ્રયત્નો કરવા જોઈએ તે વિશેની રજૂઆત કરી હતી. આજના સ્પર્ધાત્મક યુગમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ અનિવાર્ય છે, પણ ગેરસમજભરી એક નવી કહેવત જે ‘‘ઉત્તમ અંગ્રેજી, માધ્યમ ગુજરાતી.’’ એ અંગેની થોડી વાત કરી હતી અને માતૃભાષાનું મહત્ત્વ દર્શાવતું નાટક પ્રોજેક્ટર દ્વારા બતાવ્યું હતું. ત્યારબાદ શાળાના શિક્ષક શ્રી રાજેશભાઈ પટેલે બાળકને સ્વપ્ન આવે તે ભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવું જોઈએ. બાળકોને પ્રાથમિક શિક્ષણ ગુજરાતી માધ્યમમાં જ અપાવવું જોઈએ એ અંગેની વિશેષ વાત કરી હતી. તેની ચર્ચા સદ્રષ્ટાંત કરી હતી અને ગુજરાતી સાહિત્યકારો વિશે પણ વિશેષ વાત કરી હતી. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબએ માતૃભાષા વિશે વિશેષમાં માહિતી આપતા જણાવ્યું હતું કે આપણા હૈયામાં વસેલી ભાષા હોઠ પર આવી જાય છે તે દ્રષ્ટાંત આપીને સમજાવ્યું હતું. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે આપણી ગુજરાતી ભાષાની મીઠાશ તો જુઓ ખારા નમકને પણ મીઠું કહેવામાં આવે છે અને જણાવ્યું હતું કે મા, માતૃભાષા અને માતૃભૂમિને ક્યારેય ભૂલવા ન જોઈએ. અંતે કાર્યક્રમન પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## મૂર્તિ સુખે સુખી થયા

- ગામ અમદાવાદના શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરના વેવાઈ શ્રી રમેશભાઈ ગિરજાશંકર રાવલ ઉ.વ. ૭૨ તા. ૧૦/૨/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**



ધર્મનિયમે યુક્ત એવા જે તમ જેવા સાધુ તેમને જે કોઈ ભાવે કરીને જમાડશે, ચરણનો કોઈ દર્શન સ્પર્શ કરશે તેનું પરમ કલ્યાણ થાશે.

## અ.મુ.સદ્. શ્રી નિત્યમુક્તદાસજી સ્વામી અંતિમ યાત્રા, પાટડી. તા. ૧૫-૦૨-૨૦૨૫









## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણ મામાનો પ્રાગટ્યદિન ઉત્સવ, અમદાવાદ. તા. ૧૬-૦૨-૨૦૨૫
















## શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ) વર્ષ ૨૦૨૪-૨૫ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ S.S.C. બોર્ડની પરીક્ષા





MURTI
MARCH 2025
Year - 22 : Issue - 03
Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025



" Rule the world with Qualitative education."

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત

# શ્રી ઘનશ્યામ એકેડમી (અંગ્રેજી માધ્યમ)

(ધોરણ : કે.જી. સેકશન થી 10)

બળદિયા (તા. ભુજ-કચ્છ)

જિશિસ/મકમ ૦૪/ખપશ
માન્યતા/૯૮/છ/૬ તા.૧૧/૦૨/૨૦૦૨

મો. નં. 87804 80472
સમય સવારે 8:00 થી 1:00
(સંપર્ક સાધવો.)

## ADMISSION OPEN



**શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ :**

- આપના બાળકને પ્લે ગ્રુપ થી ધોરણ 10 સુધીનો સળંગ અભ્યાસ દરેક વર્ગમાં મર્યાદિત વિદ્યાર્થીઓ.
- આપના બાળકના વિકાસ માટે શિક્ષણ ક્ષેત્રે નામાંકિત તજજ્ઞોનું માર્ગદર્શન તથા ઉત્સાહી શિક્ષકો.
- બાળકોના ઉત્કૃષ્ટ શિક્ષણ માટે ઓછું તાપમાન ધરાવતું નયન રમ્ય અને ઠંડુ વાતાવરણ અને રમત ગમતના તમામ સાધનોથી સુસજ્જ  વિશાળ રમતગમતનું મેદાન.
- બાળકોને શ્લોકો  સુભાષિતો અને વક્તવ્યો દ્વારા ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના પદ્ધતિસરના શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ.
- ધોરણ 1 થી કોમ્પ્યુટર અને બીજા વિષયોનું ઓડિયો, વીડિયો, સોફ્ટવેર અને સ્માર્ટ ક્લાસ દ્વારા ઉત્તમ શિક્ષણ.
- બાળકોના સામાજિક વિકાસ માટે વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન, પ્રશ્નોતરી, રમત સ્પર્ધા, યોગા, ડાન્સિંગ નું શિક્ષણ અને વિવિધ તહેવારોની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા બાળકની સુષુપ્ત શક્તિઓને ખીલવવાનો પ્રયાસ.
- શાળામાં કોમ્પ્યુટર રૂમ, લાઇબ્રેરી, લેબોરેટરી, સ્માર્ટ ક્લાસ, પ્રાર્થનાખંડ વિશાળ રમતગમતનું મેદાન અને બગીચો. સાથે ઓછી ફી મા ઉત્કૃષ્ટ શિક્ષણનો અભિગમ.
- બળદિયા, કેરા, કુંદનપર, નારણપર, સૂરજપર, ભારાપર, સણોસરા, કોટડા ચકાર, વરલી, થરાવડા સુધી વિદ્યાર્થીઓ માટે બસની સુવિધા.
- ધોરણ ૬ થી ધોરણ 10 ના વિદ્યાર્થીઓ માટે ટ્યુશન સાથે હોસ્ટેલની વ્યવસ્થા. (ફક્ત છોકરાઓ માટે)
- 80% થી વધુ ગુણ લાવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન.

-: Publisher :-
Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria